સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC
## CURRENT AFFAIRS

WEEK 38

[AUG SEPT - 2020]
[13/09/20 to 19/09/20]


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)





CURRENT TOPICS

- ગુજરાતમાં પ્રવાસન ઉદ્યોગને વેગ આપવા પ્રથમ 'હેરિટેજ ટુરિઝમ પોલિસી 2020-25' જાહેર
- ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ભારતમાં રૂ. 20,000 કરોડની 'પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના' લોન્ચ
- 'સાત પગલાં ખેડૂત કલ્યાણનાં...' અંતર્ગત ગુજરાતના ખેડૂતો માટે ગુજરાત સરકાર દ્વારા 7 યોજનાઓની જાહેરાત
- વિશ્વમાં એકમાત્ર કચ્છના નાના રણમાં જોવા મળતા દુર્લભ ઘુડખરની વસતીમાં 37 ટકાનો વધારો
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન નિમિત્તે ગુજરાતમાં 'મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના' લોન્ચ
- JDUના સાંસદ શ્રી હરિવંશ નારાયણ સિંહ રાજ્યસભાના ઉપસભાપતિ તરીકે બીજી વખત ચૂંટાયા


www.ICEONLINE.IN
9375701110/9328001110

અમારી સાથે જોડાયેલા રહો :
Telegram : t.me/icerajkotofficial
Instagram : icerajkot

13 SEPTEMBER, 2020 SUNDAY

## ➤ ગુજરાતમાં પ્રવાસન ઉદ્યોગને વેગ આપવા પ્રથમ 'હેરિટેજ ટુરિઝમ પોલિસી 2020-25' જાહેર

સપ્ટેમ્બર 2020 દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ ગુજરાતમાં નવી **'હેરિટેજ ટુરિઝમ પોલિસી 2020-25' (Heritage Tourism Policy 2020-25)**ની જાહેરાત કરી છે.

- ગુજરાતમાં **પ્રથમ** વખત આ **'હેરિટેજ ટુરિઝમ પોલિસી'**ની રચના કરવામાં આવી છે.
- ગુજરાતની આ પ્રથમ 'હેરિટેજ ટુરિઝમ પોલિસી' વર્ષ **2020થી 2025** સુધી અમલમાં રહેશે.
- ગુજરાત સરકારની આ નવી 'હેરિટેજ ટુરિઝમ પોલિસી'ની મુખ્ય વિશેષતાઓ આ પ્રમાણે છે :

### ઉદ્દેશ

ગુજરાતના અનેક ગામો તથા નગરોમાં હાલ પ્રાચીન વિરાસત ધરાવતી ઈમારતો, રાજા રજવાડાના મહેલો, ઝરૂખા, મિનારા, કિલ્લાઓ સહિતના અનેક હેરિટેજ સ્થળો આવેલા છે.

- ગુજરાતમાં અત્યાર સુધી સુષુપ્ત અવસ્થામાં રહેલા આ હેરિટેજ સ્થળોને વિકસાવીને ખાસ કરીને **વિદેશી પ્રવાસીઓને આકર્ષવા માટે** તેમજ **ગુજરાતના પ્રવાસન વૈવિધ્યને વર્લ્ડ ટુરિઝમ મેપ પર મૂકવા માટે** ગુજરાત સરકારે આ નવી હેરિટેજ ટુરિઝમ પોલિસીની જાહેરાત કરી છે.

### હેરિટેજ હોટલ, રેસ્ટોરન્ટ, બેન્કવેટ, મ્યુઝિયમ

ગુજરાત સરકારની આ નવી હેરિટેજ ટુરિઝમ પોલિસી અંતર્ગત ગુજરાતમાં હેરિટેજ સ્થળોએ હેરિટેજ હોટલ, હેરિટેજ રેસ્ટોરન્ટ, હેરિટેજ બેન્કવેટ હોલ કે હેરિટેજ મ્યુઝિયમ બનાવવાની મંજૂરી આપવામાં આવી છે.

- આ અંતર્ગત ગુજરાતમાં **1 જાન્યુઆરી 1950 પહેલાની** આવી ઐતિહાસિક ઈમારતો, મહેલો, કિલ્લા વગેરેમાં તેનું નિર્માણ થઈ શકશે.
- જોકે, આવી હેરિટેજ હોટલ, રેસ્ટોરન્ટ, બેન્કવેટ હોલ કે મ્યુઝિયમનું નિર્માણ કરતી વખતે **હેરિટેજ પ્લેસના ઐતિહાસિક વિરાસતના મૂળ માળખા-સ્ટ્રક્ચર સાથે કોઈ છેડછાડ કરી શકાશે નહિ.**

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## હેરિટેજ સ્થળોના વિકાસ માટે સહાય

આ પોલિસી અંતર્ગત ગુજરાત સરકારે ગુજરાતમાં હેરિટેજ સ્થળોના વિકાસ માટે કેટલીક સહાયની પણ જાહેરાત કરી છે. જે આ પ્રમાણે છે :

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## હેરિટેજ હોટલ

ગુજરાતમાં રૂ. 25 કરોડ સુધીનું રોકાણ ધરાવતી હેરિટેજ હોટલના નિર્માણ માટે 20 ટકા સબસિડી આપવામાં આવશે.

- એટલે કે આ માટે મહત્તમ રૂ. 5 કરોડ સુધીની સહાય આપવામાં આવશે.
- જ્યારે રૂ. 25 કરોડથી વધુ રોકાણ ધરાવતી હેરિટેજ હોટલના નિર્માણ માટે મહત્તમ રૂ. 10 કરોડ સુધીની સહાય આપવામાં આવશે.




## હેરિટેજ મ્યુઝિયમ, બેન્કવેટ, રેસ્ટોન્ટ

ગુજરાતમાં રૂ. 3 કરોડ સુધીનું રોકાણ ધરાવતા નવા હેરિટેજ મ્યુઝિયમ, હેરિટેજ બેન્કવેટ હોલ, હેરિટેજ રેસ્ટોરન્ટના નિર્માણ તથા રિનોવેશન માટે 15 ટકા સબસિડી આપવામાં આવશે.

- એટલે કે આ માટે મહત્તમ રૂ. 45 લાખ સુધીની સહાય આપવામાં આવશે.
- જ્યારે રૂ. 3 કરોડથી વધુ રોકાણ ધરાવતા હેરિટેજ મ્યુઝિયમ, હેરિટેજ બેન્કવેટ હોલ તથા હેરિટેજ રેસ્ટોરન્ટના નિર્માણ અથવા તો રિનોવેશન માટે પણ 15 ટકા સબસિડી આપવામાં આવશે.
- જોકે, આ અંતર્ગત મહત્તમ રૂ. 1 કરોડ સુધીની સહાય આપવામાં આવશે.

## હેરિટેજ સ્થળોના વિકાસ માટે વ્યાજ સહાય

ગુજરાતમાં હેરિટેજ સ્થળોના વિકાસ માટે મંજૂર થયેલી લોન પર 7 ટકા વ્યાજ સબસિડી આપવામાં આવશે.

- આ વ્યાજ સબસિડી 5 વર્ષ સુધી આપવામાં આવશે.
- જોકે, આ સબસિડી પ્રતિ વર્ષ રૂ. 30 લાખની મર્યાદામાં આપવામાં આવશે.

## ઈન્સેન્ટીવ્ઝ તથા અન્ય સહાય

આ પોલિસી અંતર્ગત ગુજરાતમાં હેરિટેજ સ્થળોના વિકાસ માટે ગુજરાત સરકારે કેટલાક ઈન્સેન્ટીવ્ઝ તથા અન્ય સહાયની પણ જાહેરાત કરી છે.

- આ અંતર્ગત –

(1) આવા સ્થળોએ 5 વર્ષ માટે ઈલેક્ટ્રીક સિટી ડયૂટીમાં 100 ટકા માફી તથા

(2) આવા સ્થળોના માર્કેટિંગ માટે નેશનલ – ઈન્ટરનેશનલ ઈવેન્ટમાં રેન્ટ સહાય વગેરેનો સમાવેશ થાય છે.

## ગુજરાત હોમ સ્ટે પોલિસી 2014-19

ગુજરાતમાં ‘હેરિટેજ ટુરિઝમ પોલિસી 2020-25’ને સુસંગત એવી ‘ગુજરાત હોમ સ્ટે પોલિસી 2014-19’ને પણ ગુજરાત સરકારે વધુ સરળ અને ટુરિસ્ટ ફ્રેન્ડલી બનાવી છે.

- આ અંતર્ગત –

(1) ગુજરાતમાં પોતે પરિવાર સાથે વસવાટ કરતા હોય તેવા 1 થી 6 રૂમ સુધીના આવાસો ધરાવતા વ્યકિતઓ પોતાના નિવાસસ્થાનને ‘હોમ સ્ટે’ તરીકે રજિસ્ટર્ડ કરાવી શકશે. અને વિદેશી તથા ભારતના અન્ય રાજ્યોના પ્રવાસીઓને હોમ સ્ટે તરીકે આપી શકશે.

(2) આવા હોમ સ્ટે પાસેથી ઘરેલુ પ્રોપર્ટી ટેક્સ તથા ઘરેલુ વીજ દર જ વસુલવામાં આવશે.

(3) ગુજરાત પ્રવાસન નિગમમાં રજિસ્ટર્ડ હોમ સ્ટેને ‘સોલાર રૂફ ટોપ યોજના’નો લાભ આપી તેને સૌર ઊર્જાના ઉપયોગ માટે પ્રોત્સાહિત કરવામાં આવશે.

(4) ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા હોમ સ્ટે ધારકોને ટ્રેનિંગ આપવામાં આવશે. તેને પરિણામે તેઓ ગુણવત્તાયુકત સેવા આપી શકશે.

**નોંધ :** (1) સમગ્ર ગુજરાતમાં હાલ 100 જેટલા હોમ સ્ટે કાર્યરત છે. સરકારની નવી નીતિથી હવે તેમાં વધારો થશે.

(2) ગુજરાત રાજ્યના કેબિનેટ કક્ષાના વર્તમાન (13 સપ્ટેમ્બર 2020ની સ્થિતિએ) પ્રવાસન મંત્રી શ્રી જવાહર ચાવડા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

ICE Questions

1. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં ગુજરાતની કેટલામી 'હેરિટેજ ટુરિઝમ પોલિસી' જાહેર કરવામાં આવી છે ?
(A) પ્રથમ (B) બીજી (C) ત્રીજી (D) પાંચમી **(A)**

2. ગુજરાત સરકાર દ્વારા કયા સમય માટે નવી 'હેરિટેજ ટુરિઝમ પોલિસી' જાહેર કરવામાં આવી છે ?
(A) 2020-2023 (B) 2020-2024 (C) 2020-2025 (D) 2020-2030 **(C)**

3. ગુજરાત સરકારની નવી 'હેરિટેજ ટુરિઝમ પોલિસી' અંતર્ગત ગુજરાતમાં કયા સમય પહેલાની ઐતિહાસિક ઈમારતો, મહેલો, કિલ્લા વગેરેમાં હેરિટેજ હોટલ, રેસ્ટોરન્ટ, બેન્કવેટ હોલ તથા હેરિટેજ મ્યુઝિયમ બનાવવાની મંજૂરી આપવામાં આવી છે ?
(A) 1 જાન્યુઆરી, 1950 (B) 1 એપ્રિલ, 1950
(C) 31 માર્ચ, 1950 (D) 31 ડિસેમ્બર, 1950 **(A)**

4. ગુજરાત સરકારની નવી 'હેરિટેજ ટુરિઝમ પોલિસી 2020-25' અંતર્ગત ગુજરાતમાં ઐતિહાસિક સ્થળોએ રૂ. 25 કરોડ સુધીનું રોકાણ ધરાવતી હેરિટેજ હોટલના નિર્માણ માટે કેટલી સબસિડી આપવામાં આવશે ?
(A) 10 ટકા (B) 15 ટકા (C) 20 ટકા (D) 25 ટકા **(C)**

5. ગુજરાત સરકારની નવી 'હેરિટેજ ટુરિઝમ પોલિસી 2020-25' અંતર્ગત ગુજરાતમાં ઐતિહાસિક સ્થળોએ રૂ. 25 કરોડ સુધીનું રોકાણ ધરાવતી હેરિટેજ હોટલના નિર્માણ માટે મહત્તમ કેટલા રૂપિયાની સહાય આપવામાં આવશે ?
(A) 1 કરોડ (B) 3 કરોડ (C) 5 કરોડ (D) 10 કરોડ **(C)**

6. ગુજરાત સરકારની નવી 'હેરિટેજ ટુરિઝમ પોલિસી 2020-25' અંતર્ગત ગુજરાતમાં ઐતિહાસિક સ્થળોએ રૂ. 25 કરોડથી વધુનું રોકાણ ધરાવતી હેરિટેજ હોટલના નિર્માણ માટે મહત્તમ કેટલા રૂપિયાની સહાય આપવામાં આવશે ?
(A) 5 કરોડ (B) 10 કરોડ (C) 15 કરોડ (D) 20 કરોડ **(B)**

7. ગુજરાત સરકારની નવી 'હેરિટેજ ટુરિઝમ પોલિસી 2020-25' અંતર્ગત ગુજરાતમાં ઐતિહાસિક સ્થળોએ હેરિટેજ મ્યુઝિયમ, હેરિટેજ બેન્કવેટ હોલ, હેરિટેજ રેસ્ટોરન્ટના નિર્માણ માટે રૂ. 3 કરોડ સુધીના રોકાણ પર કેટલી સબસિડી આપવામાં આવશે ?
(A) 10 ટકા (B) 15 ટકા (C) 20 ટકા (D) 25 ટકા **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

8. ગુજરાત સરકારની નવી 'હેરિટેજ ટુરિઝમ પોલિસી 2020-25' અંતર્ગત ગુજરાતમાં ઐતિહાસિક સ્થળોએ હેરિટેજ મ્યુઝિયમ, હેરિટેજ બેન્કવેટ હોલ, હેરિટેજ રેસ્ટોરન્ટના નિર્માણ માટે રૂ. 3 કરોડ સુધીના રોકાણ પર મહત્તમ કેટલા રૂપિયા સહાય આપવામાં આવશે ?

(A) 25 લાખ (B) 35 લાખ (C) 45 લાખ (D) 60 લાખ **(C)**

9. ગુજરાત સરકારની નવી 'હેરિટેજ ટુરિઝમ પોલિસી 2020-25' અંતર્ગત ગુજરાતમાં ઐતિહાસિક સ્થળોએ હેરિટેજ મ્યુઝિયમ, હેરિટેજ બેન્કવેટ હોલ, હેરિટેજ રેસ્ટોરન્ટના નિર્માણ માટે રૂ. 3 કરોડથી વધુ રોકાણ પર મહત્તમ કેટલા રૂપિયા સહાય આપવામાં આવશે ?

(A) 60 લાખ (B) 80 લાખ (C) 1 કરોડ (D) 2 કરોડ **(C)**

10. ગુજરાત સરકારની નવી હેરિટેજ ટુરિઝમ પોલિસી અંતર્ગત ગુજરાતમાં હેરિટેજ સ્થળોના વિકાસ માટે મંજૂર થયેલી લોન પર આપવામાં આવતી સહાયના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?

1. આ લોન પર 7 ટકા વ્યાજ સબસિડી આપવામાં આવશે.
2. આ વ્યાજ સબસિડી 5 વર્ષ માટે આપવામાં આવશે.
3. આ વ્યાજ સબસિડી પ્રતિ વર્ષ રૂ. 30 લાખની મર્યાદામાં આપવામાં આવશે.

Ans. (A) 1, 2, 3 (B) 1, 2 (C) 2, 3 (D) 1, 3 **(A)**

11. ગુજરાત સરકારની નવી હેરિટેજ ટુરિઝમ પોલિસી અંતર્ગત આગામી કેટલા વર્ષ માટે ઈલેક્ટ્રીક સિટી ડયુટીમાં 100 ટકા માફી આપવાની જાહેરાત કરવામાં આવી છે ?

(A) 3 (B) 5 (C) 7 (D) 10 **(B)**

12. ગુજરાત સરકારની 'ગુજરાત હોમ સ્ટે પોલિસી 2014-19'ને વધુ સરળ બનાવવાના ભાગ રૂપે ગુજરાતમાં પરિવાર સાથે વસવાટ કરતા હોય તેવા કેટલા રૂમ સુધીના આવાસો ધરાવતા વ્યકિતઓ પોતાના નિવાસસ્થાનને 'હોમ સ્ટે' તરીકે રજિસ્ટર્ડ કરાવી શકશે ?

(A) 1 થી 6 (B) 1 થી 8 (C) 1 થી 10 (D) 1 થી 20 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 14 SEPTEMBER, 2020 MONDAY

### ➤ દિવસ મહિમા : 14 સપ્ટેમ્બર, હિન્દી દિવસ

ભારતમાં દર વર્ષે **14 સપ્ટેમ્બર**ના રોજ **'હિન્દી દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.


- ભારતમાં **14 સપ્ટેમ્બર, 1949**ના રોજ **બંધારણ સભા**એ સર્વાનુમતે એ નિર્ણય કર્યો હતો કે, **હિન્દી** જ ભારતની **રાજભાષા** હશે.
- આ નિર્ણયના મહત્ત્વને પ્રસ્તુત કરવા માટે તથા દરેક ક્ષેત્રમાં હિન્દીનો વ્યાપ વધારવા માટે 14 સપ્ટેમ્બરના રોજ હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આ માટે **રાષ્ટ્રીય ભાષા પ્રચાર સમિતિ, વર્ધાની** વિનંતીથી વર્ષ **1953**થી સમગ્ર ભારતમાં **14 સપ્ટેમ્બર** **'હિન્દી દિવસ'** તરીકે ઉજવાય છે.

**નોંધ :** (1) વર્ષ **1918**માં યોજાયેલા **હિન્દી સાહિત્ય સંમેલન**માં **મહાત્મા ગાંધીજી**એ હિન્દી ભાષાને ભારતની **'રાષ્ટ્રભાષા'** બનાવવાનું જણાવ્યું હતું. તેમણે હિન્દીને **'જનમાનસ'**ની ભાષા ગણાવી હતી.

(2) ભારતીય બંધારણના **ભાગ 17**ના **અનુચ્છેદ 343 (1)** અનુસાર – સંઘની રાજભાષા **'હિન્દી'** અને લિપી **'દેવનાગરી'** હશે.

(3) જોકે, ભારતમાં **'હિન્દી'** ભાષાને **રાજભાષા**નો દરજ્જો અપાતા બિન–હિન્દી ભાષી રાજ્યના લોકોએ તેનો વિરોધ કર્યો હતો. આથી, ભારતમાં **અંગ્રેજી**ને પણ **'રાજભાષા'**નો દરજ્જો આપવામાં આવ્યો છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS




Available at
amazon

## ➢ ભારતના પ્રસિદ્ધ સામાજિક કાર્યકર શ્રી સ્વામી અગ્નિવેશનું નિધન

ભારતના પ્રસિદ્ધ સામાજિક કાર્યકર શ્રી સ્વામી અગ્નિવેશનું 11 સપ્ટેમ્બર 2020ના રોજ નવી દિલ્હી ખાતે 80 વર્ષની વયે નિધન થયું છે.

- તેમનો જન્મ 21 સપ્ટેમ્બર 1939ના રોજ આંધ્રપ્રદેશના શ્રી કાકુલમમાં થયો હતો.
- તેમનું મૂળ નામ શ્રી વેપા શ્યામ રાવ હતું.
- શ્રી સ્વામી અગ્નિવેશ ભારતના પ્રસિદ્ધ સમાજસેવક, ચિંતક અને રાજકારણી હતા.
- તેમણે વ્યવસાયે શિક્ષક તથા વકીલ તેમજ ટીવી એન્કર તરીકે પણ ભૂમિકા ભજવી હતી.

### સમાજ સેવા

શ્રી સ્વામી અગ્નિવેશે 'વેઠિયા મજૂરી' અથવા તો 'બંધુઆ મજૂરી' વિરુદ્ધ અભિયાન ચલાવ્યું હતું.

- આ માટે તેમણે 'બંધુઆ મુક્તિ મોરચા' (અથવા તો Bonded Labour Liberation Front)ની સ્થાપના પણ કરી હતી.
- આ કામગીરી માટે તેમને વૈકલ્પિક નોબેલ પુરસ્કાર તરીકે ઓળખાતો સ્વીડનનો Right Livelihood Award પણ વર્ષ 2004માં એનાયત થયો હતો.
- આ ઉપરાંત તેમણે ભારતમાં રૂઢિવાદ તથા જાતિવાદ સામે પણ આંદોલન છેડયું હતું.
- જેમાં સમાજના કેટલાક વર્ગોને મંદિરમાં પ્રવેશ મળે તે માટે તેમણે હાથ ધરેલું અભિયાન મહત્ત્વનું છે.
- વર્ષ 2011માં શ્રી અણ્ણા હજારેના ભ્રષ્ટાચાર વિરોધી આંદોલનમાં પણ શ્રી સ્વામી અગ્નિવેશની મહત્ત્વની ભૂમિકા હતી.

### રાજકારણ

શ્રી સ્વામી અગ્નિવેશે 1970માં 'આર્યસભા' નામના રાજકીય પક્ષની સ્થાપના કરી હતી.

- 1977માં તેઓ હરિયાણા વિધાનસભામાં ધારાસભ્ય તરીકે પણ ચૂંટાયા હતા.
- 1979માં તેઓ હરિયાણાના શિક્ષણ મંત્રી પણ બન્યા હતા.
- પરંતુ મજૂરો પર લાઠીચાર્જ બાદ તેમણે રાજકારણમાંથી સન્યાસ લઈ લીધો હતો.
- તેમણે અનેક વખત માઓવાદીઓ તથા સરકાર વચ્ચે મધ્યસ્થતા પણ કરી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## Books

શ્રી સ્વામી અગ્નિવેશના પ્રસિદ્ધ પુસ્તકોમાં નીચેના પુસ્તકોનો સમાવેશ થાય છે :

(1) Vaidik Samajvad-Vedic Scoialism

(2) Religion Revolution and Marxism

(3) Harvest of Hate : Gujarat Under Siege

(4) Religion, Spirituality and Social Action New Agenda for Humanity

(5) Hinduism in the New Age

**નોંધ :** શ્રી સ્વામી અગ્નિવેશ ‘રાજધર્મ’ તથા ‘ક્રાન્તિ ધર્મી’ જેવા મેગેઝિનોના મુખ્ય સંપાદક પણ હતા.

## Award

(1) રાજીવ ગાંધી નેશનલ સદ્‌ભાવના એવોર્ડ (2004)

(2) રાઈટ લાઈવલીહૂડ એવોર્ડ (2004)

(3) એમ. એ. થોમસ નેશનલ રાઈટ્સ એવોર્ડ (2006)

**નોંધ :** (1) શ્રી સ્વામી અગ્નિવેશ કોઈપણ મુદ્દા વિશે બેધક રીતે. પોતાનો મત વ્યકત કરતા હતા.

(2) તેમણે જમ્મુ કાશ્મીરના પ્રસિદ્ધ અમરનાથ મંદિરના શિવલિંગને ‘માત્ર બરફનો ટુકડો’ ગણાવ્યો હતો. આથી, અમદાવાદમાં એક સાધુએ તેમના પર હુમલો પણ કર્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



## ➤ Economic Freedom of the World 2020 રિપોર્ટ અનુસાર ભારત 105મા ક્રમે

કેનેડાની Fraser Institute દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા Economic Freedom of the World 2020 રિપોર્ટ અનુસાર આર્થિક આઝાદીની બાબતમાં વિશ્વના 122 દેશોમાં ભારત 105મા ક્રમે છે.

- આ અગાઉ વર્ષ 2019માં પ્રસિદ્ધ થયેલા આ રેન્કિંગમાં ભારત 79મા ક્રમે હતું.
- આમ, વર્ષ 2019ની તુલનાએ વર્ષ 2020માં પ્રસિદ્ધ થયેલા આ રિપોર્ટમાં ભારતના રેન્કમાં 26 ક્રમનો ઘટાડો થયો છે.
- વર્ષ 2020માં પ્રસિદ્ધ થયેલા આ રિપોર્ટમાં હોંગકોંગ પ્રથમ ક્રમે છે.
- હોંગકોંગ બાદ સિંગાપોર બીજા અને ન્યુઝીલેન્ડ ત્રીજા ક્રમે છે.
- જ્યારે બાર્બાડોઝ અને મોરિટાનિયા અંતિમ 122મા ક્રમે છે.

**Economic Freedom Ranking 2020**

| Rank | Country |
|---|---|
| 1 | હોંગકોંગ |
| 2 | સિંગાપોર |
| 3 | ન્યુઝીલેન્ડ |
| 85 | શ્રીલંકા |
| 98 | ભૂટાન |
| 105 | ભારત, બ્રાઝિલ |
| 109 | નેપાળ |
| 122 | બાર્બાડોઝ, મોરિટાનિયા |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### માપદંડ

આ રિપોર્ટમાં નીચેના પાંચ ક્ષેત્રોમાં પ્રદર્શનને આધારે વિશ્વના વિવિધ દેશોને રેન્ક આપવામાં આવ્યા હતા :

(1) Size of Government
(2) Legal System and Property Rights
(3) Sound Money
(4) Freedom to Trade Internationally અને
(5) Regulation

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**નોંધ :** (1) ફ્રેશર ઈન્સ્ટિટયૂટ દ્વારા વિશ્વના વિવિધ દેશોના વર્ષ 2018ના ડેટાને આધારે આ રેન્કિંગ આપવામાં આવ્યા છે.

(2) આથી આ રેન્કિંગને 'Economic Freedom Ratings for 2018' તરીકે પણ ઓળખવામાં આવે છે.



## ICE Questions

1. ભારતમાં કયો દિવસ 'હિન્દી દિવસ' તરીકે ઉજવાય છે ?
(A) 10 સપ્ટેમ્બર (B) 11 સપ્ટેમ્બર
(C) 12 સપ્ટેમ્બર (D) 14 સપ્ટેમ્બર **(D)**

2. ભારતમાં બંધારણ સભા દ્વારા હિન્દીને 'રાજભાષા'નો દરજ્જો ક્યારે આપવામાં આવ્યો હતો ?
(A) 14 સપ્ટેમ્બર, 1947 (B) 14 સપ્ટેમ્બર, 1948
(C) 14 સપ્ટેમ્બર, 1949 (D) 14 સપ્ટેમ્બર, 1950 **(C)**

3. ભારતમાં કઈ ભાષાને 'રાજભાષા'નો દરજ્જો આપવામાં આવ્યો છે ?
(A) હિન્દી (B) અંગ્રેજી
(C) હિન્દી, બંગાળી, ભોજપુરી (D) A અને B બંને **(D)**

4. ભારતના પ્રસિદ્ધ સમાજસેવક શ્રી સ્વામી અગ્નિવેશનું ભારતના કયા શહેરમાં 80 વર્ષની વયે નિધન થયું છે ?
(A) ચેન્નાઈ (B) બેંગાલુરુ (C) કોલકાતા (D) નવી દિલ્હી **(D)**

5. ભારતના પ્રસિદ્ધ સમાજસેવક શ્રી સ્વામી અગ્નિવેશનું નિધન થયું છે...તેમનો જન્મ કયાં થયો હતો ?
(A) દિલ્હી (B) કેરળ (C) હિમાચલપ્રદેશ (D) આંધ્રપ્રદેશ **(D)**

6. ભારતના પ્રસિદ્ધ સમાજસેવક શ્રી સ્વામી અગ્નિવેશનું નિધન થયું છે...તેઓ ભારતના કયા રાજ્યના શિક્ષણ મંત્રી રહયા હતા ?
(A) પંજાબ (B) હરિયાણા (C) આંધ્રપ્રદેશ (D) હિમાચલપ્રદેશ **(B)**

7. ભારતના પ્રસિદ્ધ સમાજસેવક શ્રી સ્વામી અગ્નિવેશના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. તેમણે 'બંધુઆ મજૂરી' વિરુદ્ધ અભિયાન ચલાવીને એ માટે 'બંધુઆ મુકિત મોરચા' ની સ્થાપના કરી હતી.
2. તેમને 'રાઈટ લાઈવલીહૂડ એવોર્ડ' એનાયત થયો હતો.
3. તેમણે 'આર્યસભા' નામના રાજકીય પક્ષની સ્થાપના કરી હતી.

Ans. (A) 1, 2, 3 (B) 2, 3 (C) 1, 2 (D) 1, 3, **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

8. શ્રી સ્વામી અગ્નિવેશનું મૂળનામ શું હતું ?
(A) શ્રી વેપા શ્યામ રાવ (B) શ્રી વેપા શરણ રાવ
(C) શ્રી વેપા સુંદર રાવ (D) ત્રણમાંથી કોઈ નહિ
**(A)**

9. ફ્રેશર ઈન્સ્ટિટયૂટ દ્વારા વર્ષ 2020માં પ્રસિદ્ધ થયેલા 'ઈકોનોમિક ફ્રીડમ રેન્કિંગ' અનુસાર વિશ્વના 122 દેશમાં ભારત કયા ક્રમે છે ?
(A) 103મા (B) 105મા (C) 107મા (D) 109મા
**(B)**

10. કેનેડાની ફ્રેશર ઈન્સ્ટિટયૂટ દ્વારા વર્ષ 2019માં પ્રસિદ્ધ થયેલા 'ગ્લોબલ ઈકોનોમિક ફ્રીડમ' રેન્કિંગમાં ભારત કયા ક્રમે હતું ?
(A) 67મા (B) 79મા (C) 83મા (D) 89મા
**(B)**

11. ફ્રેશર ઈન્સ્ટિટયૂટ દ્વારા વર્ષ 2020માં પ્રસિદ્ધ થયેલા 'ઈકોનોમિક ફ્રીડમ રેન્કિંગ'માં પ્રથમ ક્રમે કયો દેશ છે ?
(A) સ્વીડન (B) હોંગકોંગ (C) ન્યુઝીલેન્ડ (D) સિંગાપુર
**(B)**

12. ફ્રેશર ઈન્સ્ટિટયૂટ દ્વારા વર્ષ 2020માં પ્રસિદ્ધ થયેલા 'ઈકોનોમિક ફ્રીડમ રેન્કિંગ'માં અંતિમ 122મા ક્રમે કયો દેશ છે ?
(A) બાર્બાડોઝ (B) મોરિટાનિયા (C) યમન (D) A અને B બંને
**(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



## 15 SEPTEMBER, 2020 TUESDAY

➤ દિવસ મહિમા : 15 સપ્ટેમ્બર (1) એન્જિનિયર દિવસ (Engineer's Day)
(2) આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસ
(International Day of Democracy)
(3) વિશ્વ લિમ્ફોમા જાગૃતિ દિવસ
(World Lymphoma Awareness Day)

### એન્જિનિયર દિવસ

વિશ્વના વિવિધ દેશોમાં જુદા જુદા દિવસે 'એન્જિનિયર દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- ભારતમાં 15 સપ્ટેમ્બરના રોજ 'એન્જિનિયર દિવસ' ઉજવાય છે.
- ભારતના મહાન સિવિલ એન્જિનિયર શ્રી એમ. વિશ્વેશ્વરૈયાની યાદમાં તેમનો જન્મદિન 15 સપ્ટેમ્બર ભારતમાં દર વર્ષે 'એન્જિનિયર દિવસ' તરીકે ઉજવાય છે.
- શ્રી એમ. વિશ્વેશ્વરૈયાનું પૂરું નામ સર મોક્ષગુંડમ વિશ્વેશ્વરૈયા છે.
- તેઓ Sir MV તરીકે પ્રસિદ્ધ હતા.
- તેમનો જન્મ 15 સપ્ટેમ્બર, 1860ના રોજ વર્તમાન કર્ણાટકના ચિક્કાબાલાપુર જિલ્લાના મુદ્દેનાહલ્લી ખાતે થયો હતો.
- તેઓ 1912થી 1919 દરમિયાન મૈસૂર રાજ્યના દિવાન પણ રહ્યા હતા.
- તેમને 1955માં ભારતનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર 'ભારત રત્ન' એનાયત થયો હતો.

**નોંધ :** (1) ભારતના તેલંગાણામાં હૈદરાબાદના પ્રસિદ્ધ એન્જિનિયર શ્રી અલી નવાઝ જંગ બહાદુરની યાદમાં તેમનો જન્મ દિન 11 જુલાઈ 'Telangana Engineer's Day' તરીકે ઉજવાય છે.

(2) સર એમ. વિશ્વેશ્વરૈયાની યાદમાં 15 સપ્ટેમ્બરના રોજ માત્ર ભારતમાં જ નહિ પરંતુ ભારત ઉપરાંત શ્રીલંકા અને તાન્ઝાનિયામાં પણ 'એન્જિનિયર દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

(3) યુનેસ્કો દ્વારા દર વર્ષે 4 માર્ચના રોજ 'World Engineer's Day' ઉજવાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસ

સમગ્ર વિશ્વમાં લોકશાહી મૂલ્યોને પ્રોત્સાહન આપવા માટે દર વર્ષે **15 સપ્ટેમ્બર**ના રોજ **'આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.

- સંયુક્ત રાષ્ટ્રની મહાસભા દ્વારા **8 નવેમ્બર 2007**ના રોજ આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.
- આ અંતર્ગત વર્ષ **2008**માં આ દિવસની સૌપ્રથમ વખત ઉજવણી કરવામાં આવી હતી.
- વર્ષ **2020**ની આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસની થીમ **'COVID-19 : A Spotlight on Democracy'** છે.

**નોંધ :** વસતીની દષ્ટિએ **ભારત** વિશ્વનો સૌથી મોટો લોકશાહી દેશ છે.

## ➤ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ભારતમાં રૂ. 20,000 કરોડની 'પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના' લોન્ચ

10 સપ્ટેમ્બર 2020ના રોજ ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**એ **ભારત**માં **વીડિયો કોન્ફરન્સ**ના માધ્યમથી **'પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના' (Pradhan Mantri Matsya Sampada Yojna- PMMSY)**નો શુભારંભ કરાવ્યો છે.

- **બિહાર** સહિત ભારતના **21 રાજ્યોમાં** આ યોજનાનો શુભારંભ કરવામાં આવ્યો છે.
- આ યોજના અંતર્ગત ભારતમાં **મત્સ્ય ક્ષેત્રે રૂ. 20,000 કરોડથી વધુનું** રોકાણ કરવામાં આવશે.
- આ રકમને ભારતમાં મત્સ્ય ક્ષેત્રના વિકાસ માટે આવતા **4-5 વર્ષ**માં ખર્ચ કરવામાં આવશે.
- ભારતમાં મત્સ્ય ક્ષેત્રની આઝાદી બાદથી અત્યાર સુધીની આ સૌથી મોટી યોજના છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારતમાં મત્સ્ય ઉત્પાદન તથા નિકાસનું લક્ષ્ય

ભારતમાંથી થતી **મત્સ્યની નિકાસ** આગામી **3-4 વર્ષ**માં **ડબલ** કરવાનું ભારત સરકારનું લક્ષ્યાંક છે.

- વર્ષ **2024-25** સુધીમાં ભારતની **મત્સ્ય નિકાસ આવક** વધારીને **રૂ. 1 લાખ કરોડ** સુધી લઈ જવાનું સરકારનું લક્ષ્ય છે.
- આ માટે વર્ષ **2024-25** સુધીમાં ભારતમાં **મત્સ્ય ઉત્પાદન**માં વધારાની **70 લાખ ટન**ની વૃદ્ધિ કરવામાં આવશે.
- જેનાથી ભારતમાં **માછીમારોની આવક ડબલ** કરી શકાશે.

## Aquatic Disease Referral Laboratoryનો શિલાન્યાસ

10 સપ્ટેમ્બર 2020ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતમાં Aquatic Disease Referral Laboratory (જળચર રોગ રેફરલ પ્રયોગશાળા)નો પણ વીડિયો કોન્ફરન્સ દ્વારા શિલાન્યાસ કરાવ્યો હતો.


- ભારતમાં બિહારના કિશનગંજ જિલ્લામાં ડૉ. કલામ કૃષિ કોલેજ કેમ્પસમાં નિર્માણ પામેલી મત્સ્ય કોલેજમાં આ આધુનિક લેબોરેટરી શરૂ કરવામાં આવશે.
- જેનાથી વિદ્યાર્થીઓ માછલી તથા અન્ય જળચર જીવો અંગે રિસર્ચ કરી શકશે.

**નોંધ :** 15 ઓગસ્ટ 2020ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતમાં મત્સ્ય ક્ષેત્રે 'ડોલ્ફિન મિશન'ની જાહેરાત કરી હતી.

## ➤ ભારતના પશુપાલકો માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા e-GOPALA app લોન્ચ

10 સપ્ટેમ્બર 2020ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતમાં 'ઈ-ગોપાલા એપ' (E-GOPALA app)નો શુભારંભ કરાવ્યો છે.

- ભારતમાં પશુપાલન સંબંધિત કામગીરીમાં પશુપાલકોની સહાયતા થાય તે માટે આ એપ લોન્ચ કરવામાં આવી છે.




ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## આ એપની વિશેષતા

'ઈ–ગોપાલા એપ'ની મુખ્ય વિશેષતાઓ આ પ્રમાણે છે :

- આ એપની મદદથી પશુપાલકો પોતાની આવકમાં વધારો કરી શકશે.
- આ એપ એ ખેડૂતો માટેનું એક વ્યાપક **પશુ નસલ સુધાર બજાર અને સૂચના પોર્ટલ** છે.
- આ એપની મદદથી પશુપાલકોને કૃત્રિમ ગર્ભાધાન, પશુની પ્રાથમિક ચિકિત્સા, ટીકાકરણ, પશુ આહાર, વિવિધ બીમારીઓમાં પશુઓની સારવાર વગેરે અંગે માર્ગદર્શન મળશે.
- આ એપને **પશુ આધાર** સાથે પણ જોડવામાં આવશે.
- આ કામગીરી પૂર્ણ થયા બાદ આ એપમાં પશુનો આધાર નંબર એન્ટર કરતા જ પશુ વિશેની તમામ માહિતી ઉપલબ્ધ થશે.
- જેનાથી પશુઓના ખરીદ–વેચાણમાં પણ મદદ થશે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

**1.** ભારતમાં 'એન્જિનિયર દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 13 સપ્ટેમ્બર (B) 14 સપ્ટેમ્બર (C) 15 સપ્ટેમ્બર (D) 16 સપ્ટેમ્બર — **(C)**

**2.** ભારતમાં કોનો જન્મદિન 15 સપ્ટેમ્બર 'એન્જિનિયર દિવસ' તરીકે ઉજવાય છે ?
(A) શ્રી અલી નવાઝ જંગ બહાદૂર (B) શ્રી એમ. વિશ્વેશ્વરૈયા
(C) શ્રી ઈ. શ્રીધરન (D) શ્રી સુબ્રમણ્યમ રામાદુરાઈ — **(B)**

**3.** ભારતના કયા રાજ્યમાં 11 જુલાઈ 'એન્જિનિયર દિવસ' તરીકે ઉજવાય છે ?
(A) તમિલનાડુ (B) આંધ્રપ્રદેશ (C) પશ્ચિમ બંગાળ (D) તેલંગાણા — **(D)**

**4.** નીચેનામાંથી કયા દેશમાં 15 સપ્ટેમ્બર 'એન્જિનિયર દિવસ' તરીકે ઉજવાય છે ?
(A) ભારત (B) શ્રીલંકા (C) તાન્ઝાનિયા (D) ઉપરોક્ત ત્રણેય — **(D)**

**5.** 'આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 12 સપ્ટેમ્બર (B) 13 સપ્ટેમ્બર (C) 14 સપ્ટેમ્બર (D) 15 સપ્ટેમ્બર — **(D)**

**6.** 'વિશ્વ લિમ્ફોમા જાગૃતિ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 14 સપ્ટેમ્બર (B) 15 સપ્ટેમ્બર (C) 16 સપ્ટેમ્બર (D) 17 સપ્ટેમ્બર — **(B)**

7. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લોન્ચ કરેલી 'પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના' અંતર્ગત આગામી 4-5 વર્ષમાં ભારતમાં કેટલા રૂપિયાથી વધુનું રોકાણ કરવામાં આવશે ?
(A) રૂ. 20,000 કરોડ (B) રૂ. 30,000 કરોડ
(C) રૂ. 40,000 કરોડ (D) રૂ. 50,000 કરોડ **(A)**

8. સપ્ટેમ્બર 2020 દરમિયાન ભારતના કેટલા રાજ્યોમાં 'પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના' લોન્ચ કરવામાં આવી છે ?
(A) 15 (B) 18 (C) 21 (D) તમામ રાજ્યોમાં **(C)**

9. ભારતમાં મત્સ્યક્ષેત્રે રૂ. 20,000 કરોડ અથવા તો રૂ. 20,050 કરોડની આઝાદી બાદની મત્સ્ય ક્ષેત્રની ભારતની કઈ સૌથી મોટી યોજના લોન્ચ કરવામાં આવી છે ?
(A) પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના (B) પ્રધાનમંત્રી મત્સ્ય સંસાધન યોજના
(C) પ્રધાનમંત્રી મત્સ્ય સંપત્તિ યોજના (D) ત્રણમાંથી કોઈ નહિ **(A)**

10. ભારતની મત્સ્ય નિકાસ વધારીને કયાં સુધીમાં રૂ. 1 લાખ કરોડ સુધી લઈ જવાનું કેન્દ્ર સરકારનું લક્ષ્ય છે ?
(A) 2023-24 (B) 2024-25 (C) 2025-26 (D) 2029-30 **(B)**

11. 10 સપ્ટેમ્બર 2020ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતના કયા રાજ્યમાં આવેલી મત્સ્ય કોલેજમાં નિર્માણ પામનાર 'એકવેટિક ડિસીઝ રેફરલ લેબોરેટરી'નો શિલાન્યાસ કરાવ્યો હતો ?
(A) ઉત્તરપ્રદેશ (B) બિહાર (C) કર્ણાટક (D) મહારાષ્ટ્ર **(B)**

12. 10 સપ્ટેમ્બર 2020ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતના બિહારના કયા જિલ્લામાં આવેલી મત્સ્ય કોલેજમાં નિર્માણ પામનાર 'એકવેટિક ડિસીઝ રેફરલ લેબોરેટરી'નો શિલાન્યાસ કરાવ્યો હતો ?
(A) ભાગલપુર (B) દરભંગા (C) મધુબની (D) કિશનગંજ **(D)**

13. સપ્ટેમ્બર, 2020 દરમિયાન ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતમાં પશુપાલકો માટે કઈ એપ લોન્ચ કરી છે ?
(A) ઈ–ગોવિંદ (B) ઈ–ગોવાળ (C) ઈ–ગોપાલ (D) ઈ–ગોપાલા **(D)**

14. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતમાં કોના માટે 'ઈ–ગોપાલા એપ' લોન્ચ કરી છે ?
(A) સ્કૂલના બાળકો (B) કોલેજના વિદ્યાર્થીઓ
(C) રંગમંચ કલાકારો (D) પશુપાલકો **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 16 SEPTEMBER, 2020 WEDNESDAY

### ➤ દિવસ મહિમા : 16 સપ્ટેમ્બર, વિશ્વ ઓઝોન દિવસ

**ઓઝોનના પડ**ના સંરક્ષણ માટે સમગ્ર વિશ્વમાં દર વર્ષે **16 સપ્ટેમ્બર**ના રોજ **'વિશ્વ ઓઝોન દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.

- પૃથ્વીના વાયુમંડળમાં આવેલું ઓઝોનનું પડ સૂર્ય પરથી આવતા હાનિકારક **પારજાંબલિ કિરણો**નું શોષણ કરીને પૃથ્વીની જીવ સૃષ્ટિનું રક્ષણ કરે છે.
- આધુનિક ટેક્નોલોજીના વર્તમાન યુગમાં મનુષ્યની વિવિધ પ્રવૃત્તિઓને કારણે ઓઝોનના આ પડમાં ક્ષતિ થઈ છે.
- આથી, ઓઝોનના પડમાં થતું નુકશાન અટકાવવા માટે જાગૃતિ લાવવા 'વિશ્વ ઓઝોન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- ઓઝોનના પડના સંરક્ષણ માટે **16 સપ્ટેમ્બર, 1987**ના રોજ **મોન્ટ્રીયલ પ્રોટોકોલ** પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- આથી, આ દિવસની યાદમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા **19 ડિસેમ્બર, 2000**ના રોજ 16 સપ્ટેમ્બરના દિવસે 'વિશ્વ ઓઝોન દિવસ'ની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.
- વર્ષ **2020**ની 'વિશ્વ ઓઝોન દિવસ'ની થીમ **'Ozone for life : 35 Years of Ozone layer Protection'** છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ➤ 'સાત પગલાં ખેડૂત કલ્યાણના...' અંતર્ગત ગુજરાતના ખેડૂતો માટે ગુજરાત સરકાર દ્વારા 7 યોજનાઓની જાહેરાત

**'સાત પગલાં ખેડૂત કલ્યાણના...'** ટાઈટલ અંતર્ગત ગુજરાત સરકાર દ્વારા ગુજરાતના ખેડૂતો માટે કલ્યાણલક્ષી **7 યોજનાઓ**ની જાહેરાત કરવામાં આવી છે.

- આ સાત યોજનાઓમાં નીચેની **યોજનાઓ**નો સમાવેશ થાય છે :

(1) **મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજના**
(2) **કિસાન પરિવહન યોજના**
(3) **દેશી ગાયના નિભાવ માટે સહાય**
(4) **જીવામૃત સહાય**
(5) **ફળ-શાકભાજી વિક્રેતાને છત્રી**
(6) **સ્માર્ટ હેન્ડ ટૂલકીટ સહાય**
(7) **કાંટાળી વાડ બનાવવા સહાય**



## (1) મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજના

'મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજના'ને 'મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રક્ચર (ગોડાઉન) યોજના' તરીકે પણ ઓળખવામાં આવે છે.

- ગુજરાતમાં ખેડૂતોની કૃષિપેદાશોને વરસાદ–વાવાઝોડાથી બચાવવા માટે આ યોજના શરૂ કરવામાં આવી છે.
- આ યોજના અંતર્ગત ગોડાઉન તથા સ્ટ્રક્ચર બનાવવા માટે ખેડૂતોને રૂ. 30,000 સુધીની સહાય આપવામાં આવશે.
- આ યોજના અંતર્ગત સહાયની ચૂકવણી બે તબક્કામાં કરવામાં આવશે :
  - (1) પ્લીન્થ લેવલે પ્રથમ હપ્તો : રૂ. 15,000
  - (2) બાંધકામ પૂર્ણ થયે બીજો હપ્તો : રૂ. 15,000
- આ યોજના અંતર્ગત બાંધકામ માટે ખેડૂતોને ત્રણ વિકલ્પો આપવામાં આવશે :
  - (1) કોંક્રિટ
  - (2) જી. આઈ. શીટ
  - (3) પ્રિફેબ્રિકેટેડ સ્ટ્રક્ચર
- આ યોજનાનો લાભ લેવા માટે નીચેની શરતોનો સમાવેશ થાય છે :
  - (1) ઓછામાં ઓછું 330 ચોરસ ફૂટનું બાંધકામ હોવું જરૂરી છે.
  - (2) તેમાં સ્ટ્રક્ચરની ન્યૂનતમ ઊંચાઈ 12 ફૂટ, પાયાની ઊંડાઈ 2 ફૂટ તથા પ્લીન્થ ઊંચાઈ 2 ફૂટ હોવી જોઈએ.
  - (3) તેમાં ન્યૂનતમ એક દરવાજો અને એક બારી હોવી જોઈએ.

**નોંધ :** (1) આ યોજના અંતર્ગત ગુજરાતમાં 1,16,000 ખેડૂતોને લાભ આપવાની સરકારની યોજના છે.

(2) આ માટે રૂ. 350 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## (2) કિસાન પરિવહન યોજના

ગુજરાતમાં ખેતપેદાશોના પરિવહન માટે ખેડૂતો પોતાના વાહન ખરીદી શકે તે માટે આ યોજના શરૂ કરવામાં આવી છે.

- આ યોજના અંતર્ગત નાના વાહન ખરીદવા માટે ખેડૂતોને રૂ. 50,000થી રૂ. 75,000 સુધીની સહાય આપવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- જેમાં <u>નાના, સિમાંત, મહિલા, અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિના ખેડૂતો</u>ને <u>રૂ. 75,000</u>ની સહાય આપવામાં આવશે.
- જ્યારે <u>સામાન્ય તથા અન્ય ખેડૂતો</u>ને <u>રૂ. 50,000</u>ની સહાય આપવામાં આવશે.
- આ યોજનાની અન્ય વિશેષતાઓ આ પ્રમાણે છે :
  (1) આ યોજના અંતર્ગત <u>600થી 1500 કિલોગ્રામ</u> સુધીનો ભાર વહન કરવાની ક્ષમતા ધરાવતા વાહનોનો સમાવેશ કરવામાં આવ્યો છે.
  (2) આ યોજના અંતર્ગત <u>ટાટા, મહિન્દ્રા, અશોક લેલેન્ડ, મારૂતિ સુઝુકી</u> કંપનીના પ્રસિદ્ધ <u>45 મોડલ</u>ને માન્યતા આપવામાં આવી છે. આ <u>45 મોડલો</u>માં છોટા હાથી, સુપ્રો, દોસ્ત, સુપર કેરી વગેરે જેવા વાહનોનો સમાવેશ થાય છે.
  (3) આ યોજના અંતર્ગત સરકારે આ કંપનીઓ સાથે કરેલા કરારથી ગુજરાતના તમામ ખેડૂતોને એક સમાન ભાવે વાહન મળશે. અને વાહનની કુલ કિંમતમાં <u>રૂ. 38,000</u> સુધીનો ઘટાડો થશે.

**નોંધ :** આ યોજના અંતર્ગત <u>રૂ. 50 કરોડ</u>ની જોગવાઈ કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (3) દેશી ગાયના નિભાવ માટે સહાય

ગુજરાતમાં <u>દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે</u> આ યોજના લોન્ચ કરવામાં આવી છે.

- દેશી ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ દ્વારા જળ, જમીન અને પર્યાવરણની રક્ષા થશે.
- આ યોજના અંતર્ગત <u>દેશી ગાયના પાલન</u> માટે ખેડૂતોને <u>પ્રતિ માસ રૂ. 900</u>ની સહાય આપવામાં આવશે.
- એટલે કે આ યોજના અંતર્ગત ખેડૂતોને <u>વાર્ષિક રૂ. 10,800</u>ની સહાય મળશે.
- આ યોજનાને <u>'દેશી ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ પ્રોત્સાહન યોજના'</u> તરીકે પણ ઓળખવામાં આવે છે.

## (4) જીવામૃત સહાય

ગુજરાતમાં <u>દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે</u> આ યોજના લોન્ચ કરવામાં આવી છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- આ યોજના અંતર્ગત દેશી ગાયના છાણ-ગૌમૂત્રમાંથી જીવામૃત બનાવવા માટે પ્રાકૃતિક કૃષિ કીટ માટે રૂ. 1350 પ્રતિકીટ સહાય આપવામાં આવશે.
- આ પ્રાકૃતિક કૃષિ કીટમાં જીવામૃત બનાવવા તથા અન્ય ખેત સામગ્રી તૈયાર કરવાનું માર્ગદર્શન, 200 લિટરનું ડ્રમ, 10 લિટર પ્લાસ્ટિકના બે ટબ, 10 લિટરની એક ડોલ જેવી સામગ્રીનો સમાવેશ થાય છે.

## (5) ફળ-શાકભાજી વિક્રેતાને છત્રી

ગુજરાતમાં રોડની બાજુમાં ફળ-શાકભાજીનું વેચાણ કરતા વિક્રેતાઓને ગરમી તથા વરસાદથી રક્ષણ મળે તે માટે આ યોજના બનાવવામાં આવી છે.

- આ યોજના અંતર્ગત રોડની બાજુમાં ફળ–શાકભાજીનું વેચાણ કરતા વિક્રેતાઓને વિનામૂલ્યે છત્રી અથવા તો શેડ આપવામાં આવશે.

## (6) સ્માર્ટ હેન્ડ ટૂલકીટ સહાય

ગુજરાતમાં નાના સીમાંત ખેડૂતો ઓછી મહેનતે વધુ પાક લઈ શકે તે માટે તેમને ખેત ઓજારો આપવામાં આવશે.

- આ ખેત ઓજારોમાં સાઈન્થ, એક હાથ ઓરણી, વ્હીલ બેરો વગેરે જેવાં સાધનોનો સમાવેશ થયા છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (7) કાંટાળી વાડ બનાવવા સહાય

ગુજરાતમાં ભૂંડ, રોઝડાં વગેરે જેવાં પ્રાણીઓથી ખેડૂતોનો ઊભો પાક બચાવવા માટે આ યોજના બનાવવામાં આવી છે.

- આ યોજના અંતર્ગત ખેડૂતોને ખેતરની ફરતે કાંટાળી વાડ બનાવવા માટે સહાય આપવામાં આવશે.

**નોંધ :** (1) ઉપરોક્ત 7 યોજનાઓમાંથી પ્રથમ બે યોજનાઓ 'મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજના' અને 'કિસાન પરિવહન યોજના'નો ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ 10 સપ્ટેમ્બર, 2020ના રોજ ગાંધીનગર ખાતેથી ઈ–શુભારંભ કરાવ્યો હતો.

(2) આ બંને યોજના અંતર્ગત 10 સપ્ટેમ્બર, 2020ના રોજ એક જ દિવસમાં ગુજરાતના કુલ 1.25 લાખ જેટલા ખેડૂતોને રૂ. 400 કરોડની સહાય ચૂકવવામાં આવી હતી.

(3) જ્યારે ઉપરોક્ત 7 યોજનાઓમાંથી ત્રીજી અને ચોથી યોજનાઓ 'દેશી ગાયના નિભાવ માટે સહાય' તથા 'જીવામૃત સહાય'નો મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન નિમિત્તે 17 સપ્ટેમ્બર, 2020ના રોજ રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો.

(4) 'સાત પગલાં ખેડૂત કલ્યાણના યોજના'ના બીજા ચરણમાં લોન્ચ કરવામાં આવેલી 'દેશી ગાયના નિભાવ માટે સહાય' યોજના અંતર્ગત 1 લાખ 5 હજાર લાભાર્થી ખેડૂતો માટે રૂ. 66.50 કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જ્યારે 'જીવામૃત સહાય' યોજના અંતર્ગત 1 લાખ લાભાર્થી ખેડૂતો માટે રૂ. 13.50 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

(5) ઉપરોક્ત 7 યોજનાઓમાંથી બાકીની ત્રણ યોજનાઓ હવે પછી લોન્ચ કરવામાં આવશે. આથી, એ અંગેની વધુ વિગતો હવે પછી પ્રસિદ્ધ કરવામાં આવશે.

(6) ખેડૂત કલ્યાણ માટેની આ 7 યોજનાઓમાં અપવાદ રૂપે સ્પેશિયલી ખેડૂતો માટેની ન હોય તેવી 'ફળ-શાકભાજી વિક્રેતાને છત્રી' યોજનાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ICE Questions

1. 'વિશ્વ ઓઝોન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 14 સપ્ટેમ્બર (B) 15 સપ્ટેમ્બર (C) 16 સપ્ટેમ્બર (D) 17 સપ્ટેમ્બર **(C)**

2. ઓઝોન પડના સંરક્ષણ માટે મોન્ટ્રીયલ પ્રોટોકોલ પર હસ્તાક્ષર કયારે કરવામાં આવ્યા હતા કે જેની યાદમાં દર વર્ષે 16 સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ ઓઝોન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 16 સપ્ટેમ્બર, 1986 (B) 16 સપ્ટેમ્બર, 1987
(C) 16 સપ્ટેમ્બર, 1988 (D) 16 સપ્ટેમ્બર, 1989 **(B)**

3. વર્ષ 2020ની 'વિશ્વ ઓઝોન દિવસ'ની થીમ શું છે ?

(A) Ozone for life : 22 Years of Ozone layer Protection
(B) Ozone for life : 25 Years of Ozone layer Protection
(C) Ozone for life : 30 Years of Ozone layer Protection
(D) Ozone for life : 35 Years of Ozone layer Protection **(D)**

4. ગુજરાત સરકારે જાહેર કરેલી 'સાત પગલાં ખેડૂત કલ્યાણના' યોજના અંતર્ગત નીચેનામાંથી કઈ યોજનાનો સમાવેશ થતો નથી ?

(A) સ્માર્ટ હેન્ડ ટૂલકીટ સહાય (B) ફળ–શાકભાજી વિક્રેતાને છત્રી
(C) કાંટાળી વાડ બનાવવા સહાય (D) કિસાન પાક ધિરાણ સહાય **(D)**

5. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ 17 સપ્ટેમ્બર 2020ને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન નિમિત્તે 'સાત પગલાં ખેડૂત કલ્યાણના' યોજના અંતર્ગતની કઈ બે યોજનાનો ગુજરાતમાં શુભારંભ કરાવ્યો હતો ?

1. મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજના
2. કિસાન પરિવહન યોજના
3. દેશી ગાયના નિભાવ માટે સહાય
4. જીવામૃત સહાય

Ans. (A) 1 અને 2 (B) 2 અને 3 (C) 3 અને 4 (D) 1 અને 4 **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

6. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ 'સાત પગલાં ખેડૂત કલ્યાણ'ના યોજના અંતર્ગતની 7 યોજનાઓમાંથી સૌપ્રથમ કઈ બે યોજનાઓનો શુભારંભ કરાવ્યો હતો ?
1. મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજના
2. કિસાન પરિવહન યોજના
3. દેશી ગાયના નિભાવ માટે સહાય
4. જીવામૃત સહાય
Ans. (A) 1 અને 2 (B) 2 અને 3 (C) 3 અને 4 (D) 1 અને 4 **(A)**

7. 'મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજના' અંતર્ગત ગુજરાતમાં ખેડૂતોને ગોડાઉન તથા સ્ટ્રક્ચર બનાવવા માટે કેટલા રૂપિયા સુધીની સહાય આપવામાં આવે છે ?
(A) 30,000 (B) 40,000 (C) 50,000 (D) 75,000 **(A)**

8. 'કિસાન પરિવહન યોજના' અંતર્ગત ગુજરાતમાં ખેડૂતોને નાના વાહન ખરીદવા માટે સામાન્ય તથા અન્ય ખેડૂતોને કેટલા રૂપિયાની સહાય આપવામાં આવે છે ?
(A) 50,000 (B) 60,000 (C) 70,000 (D) 75,000 **(A)**

9. 'કિસાન પરિવહન યોજના' અંતર્ગત ગુજરાતમાં નાના, સિમાંત, મહિલા, અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિના ખેડૂતોને નાના વાહન ખરીદવા માટે કેટલા રૂપિયાની સહાય આપવામાં આવે છે ?
(A) 70,000 (B) 75,000 (C) 80,000 (D) 90,000 **(B)**

10. 'કિસાન પરિવહન યોજના'ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. તેમાં 600થી 1500 કિગ્રાની વહન ક્ષમતા ધરાવતા વાહનોનો સમાવેશ કરવામાં આવ્યો છે.
2. તેમાં ટાટા, મહિન્દ્રા વગેરે કંપનીઓના 45 મોડલોને માન્યતા આપવામાં આવી છે.
Ans. (A) 1 અને 2 (B) ફક્ત 1
(C) ફક્ત 2 (D) બેમાંથી એકપણ નહિ **(A)**

11. 'મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજના' અંતર્ગત ગુજરાતમાં ખેડૂતોને બાંધકામનો કયો વિકલ્પ આપવામાં આવશે ?
(A) કોંક્રિટ (B) જી.આઈ.શીટ
(C) પ્રિફેબ્રિકેટેડ સ્ટ્રક્ચર (D) ઉપરોક્ત ત્રણેય **(D)**

12. 'મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજના'નો લાભ લેવા માટે ઓછામાં ઓછા કેટલા ચોરસ ફૂટનું બાંધકામ હોવું જરૂરી છે ?
(A) 130 (B) 230 (C) 310 (D) 330 **(D)**

13. 'દેશી ગાયના નિભાવ સહાય' યોજના અંતર્ગત ગુજરાતમાં ખેડૂતોને પ્રતિમાસ કેટલા રૂપિયાની સહાય આપવામાં આવે છે ?
(A) 700 (B) 800 (C) 900 (D) 950 **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS
JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**14.** ‘દેશી ગાયના નિભાવ સહાય’ યોજના અંતર્ગત ગુજરાતમાં ખેડૂતોને વાર્ષિક કેટલા રૂપિયાની સહાય આપવામાં આવે છે ?

(A) 10,500 (B) 10,800 (C) 11,500 (D) 12,500 **(B)**

**15.** ગુજરાત સરકારની ‘જીવામૃત સહાય’ યોજના અંતર્ગત ગુજરાતમાં ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ કીટ માટે પ્રતિ કીટ કેટલા રૂપિયાની સહાય આપવામાં આવે છે ?

(A) 1250 (B) 1350 (C) 1450 (D) 1550 **(B)**



## 17 SEPTEMBER, 2020 THURSDAY

### ➤ દિવસ મહિમા : 17 સપ્ટેમ્બર, પ્રથમ વિશ્વ દર્દી સલામતી દિવસ (1st World Patient Safety Day)

સમગ્ર વિશ્વમાં દર્દીઓની સુરક્ષા અંગે જાગૃતિ ફેલાવવા માટે WHO (World Health Organization) દ્વારા સૌપ્રથમ વખત 17 સપ્ટેમ્બર, 2019ના રોજ પ્રથમ 'વિશ્વ દર્દી સલામતી દિવસ' ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી.

- આ અંતર્ગત તાજેતરમાં 17 સપ્ટેમ્બર, 2020ના રોજ બીજા 'વિશ્વ દર્દી સલામતી દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે.
- વર્ષ 2020ની 'વિશ્વ દર્દી સલામતી દિવસ'ની થીમ 'Health Worker Safety : A Priority for Patient Safety' છે.
- વર્ષ 2020નું 'વિશ્વ દર્દી સલામતી દિવસ'નું સ્લોગન 'Safe Health Workers, Safe Patient Safety' છે.

**નોંધ :** મે 2019 દરમિયાન યોજાયેલી 72મી વર્લ્ડ હેલ્થ એસેમ્બલીમાં દર વર્ષે 17 સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ દર્દી સલામતી દિવસ'ની ઉજવણીનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

### ➤ વિશ્વમાં એકમાત્ર કચ્છના નાના રણમાં જોવા મળતા દુર્લભ ઘુડખરની વસતીમાં 37 ટકાનો વધારો

ઘુડખર એ સમગ્ર વિશ્વમાં એકમાત્ર ગુજરાતના કચ્છના નાના રણમાં જોવા મળતું દુર્લભ પ્રાણી છે.

- તેને 'રણનું આગવું ઘરેણું' પણ કહેવામાં આવે છે.
- વર્ષ 2014માં યોજાયેલી ગણતરી અનુસાર ગુજરાતમાં ઘુડખરની સંખ્યા 4451 નોંધાઈ હતી.
- તેની સામે તાજેતરમાં માર્ચ 2020 દરમિયાન યોજાયેલી ગણતરી અનુસાર ગુજરાતમાં ઘુડખરની સંખ્યા વધીને 6082 થઈ ગઈ છે.
- આમ, ગુજરાતમાં ઘુડખરની સંખ્યામાં 37 ટકાનો વધારો થયો છે.

#### ગુજરાતમાં ઘુડખરની સંખ્યા

ગુજરાતમાં સૌપ્રથમ વખત 1946માં ઘુડખરની ગણતરી કરવામાં આવી હતી.

- એ સમયે ગુજરાતમાં ઘુડખરની સંખ્યા 3500 જેટલી હતી.
- જોકે, ત્યારબાદ રોગચાળાને કારણે 1963માં ગુજરાતમાં ઘુડખરની સંખ્યા ઘટીને 362 થઈ ગઈ હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આમ છતાં 1963 બાદ ગુજરાતમાં ઘુડખરની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઈ રહયો છે.
- તેને પરિણામે વર્ષ 2020માં ગુજરાતમાં ઘુડખરની સંખ્યા વધીને 6082 થઈ ગઈ છે.
- જેમાં ગુજરાતમાં રણવિસ્તારની બહાર અમદાવાદ જિલ્લામાં પણ ઘુડખરની સંખ્યા જોવા મળી છે.

**ગુજરાતમાં ઘુડખરની સંખ્યા**

| વર્ષ | સંખ્યા |
|---|---|
| 1946 | 3500 |
| 1960 | 2000 |
| 1963 | 362 |
| 1976 | 720 |
| 1983 | 1989 |
| 2009 | 4038 |
| 2014 | 4451 |
| 2020 | 6082 |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગુજરાતમાં સુરેન્દ્રનગરમાં સૌથી વધુ સંખ્યા

વર્ષ 2020માં ગુજરાતના છ જિલ્લાઓમાં કુલ ઘુડખરની 6082 સંખ્યા નોંધાઈ છે.

- જેમાં સૌથી વધુ સુરેન્દ્રનગરમાં 2034 ઘુડખર નોંધાયા છે.
- સુરેન્દ્રનગર બાદ બીજા ક્રમે કચ્છ જિલ્લામાં 1244 અને ત્રીજા ક્રમે મોરબીમાં 1172 ઘુડખર નોંધાયા છે.
- જ્યારે સૌથી ઓછા અમદાવાદ જિલ્લામાં 19 ઘુડખર નોંધાયા છે.
- આમ, ગુજરાતમાં ઘુડખરની સંખ્યામાં 37 ટકાનો વધારો થયો છે.

**ગુજરાતના જિલ્લાઓમાં ઘુડખરની સંખ્યા**

| ક્રમ | જિલ્લો | ઘુડખરની સંખ્યા |
|---|---|---|
| 1 | સુરેન્દ્રનગર | 2034 |
| 2 | કચ્છ | 1244 |
| 3 | મોરબી | 1172 |
| 4 | બનાસકાંઠા | 960 |
| 5 | પાટણ | 653 |
| 6 | અમદાવાદ | 19 |

**નોંધ :** (1) ઘુડખરનું અંગ્રેજી નામ "Indian Wild ass' છે.

(2) તેને જંગલી ગધેડો, Khur કે Indian Onager તરીકે પણ ઓળખવામાં આવે છે.

(3) Wildlife Protection Act 1972 અંતર્ગત ગુજરાતમાં 1972માં ઘુડખર અભયારણ્યની સ્થાપના કરવામાં આવી હતી.

(4) તાજેતરમાં ગુજરાતમાં એશિયાટિક સિંહની સંખ્યામાં પણ 29 ટકાનો વધારો જોવા મળ્યો હતો.

## ➤ EPFO દ્વારા PF પર વર્ષ 2019-20 માટે 8.5 ટકા વ્યાજ ચૂકવાશે

નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન ભારતમાં કર્મચારીઓના પ્રોવિડન્ડ ફંડ (PF) પર 8.5 ટકા વ્યાજ આપવાની EPFO દ્વારા મંજૂરી આપવામાં આવી છે.

- આ વ્યાજ બે તબક્કામાં ચૂકવવામાં આવશે.
- જેમાંથી પ્રથમ તબક્કામાં ટૂંક સમયમાં 8.15 ટકા વ્યાજ ચૂકવવામાં આવશે.
- જ્યારે બીજા તબક્કામાં 31 ડિસેમ્બર, 2020 સુધીમાં બાકીનું 0.35 ટકા વ્યાજ ચૂકવવામાં આવશે.

**નોંધ :** (1) COVID-19ની અસામાન્ય પરિસ્થિતિ હોવા છતાં પણ EPFO દ્વારા અગાઉ થયેલી જાહેરાત મુજબ જ આ 8.5 ટકા વ્યાજ ચૂકવવામાં આવશે. તેમાં કોઈ જ ઘટાડો કરવામાં આવ્યો નથી.

(2) EPFOનું પૂરું નામ Employees' Provident Fund Organisation છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

YouTube ICE RAJKOT SUBSCRIBE

ICE CURRENT NEWS

કરંટ અફેર્સની તૈયારી હવે વધુ સરળ અને ઝડપી બનાવવા આજે જ સબસ્ક્રાઈબ કરો અમારી YouTube ચેનલ

દરેક નવા વીડિયોના NOTIFICATION માટે BELL icon PRESS કરો.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ICE ? Questions

1. 'વિશ્વ દર્દી સલામતી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 15 સપ્ટેમ્બર (B) 16 સપ્ટેમ્બર (C) 17 સપ્ટેમ્બર (D) 18 સપ્ટેમ્બર **(C)**

2. તાજેતરમાં 17 સપ્ટેમ્બર, 2020ના રોજ કેટલામા 'વિશ્વ દર્દી સલામતી દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે ?
   (A) પ્રથમ (B) બીજા (C) ત્રીજા (D) પાંચમા **(B)**

3. વર્ષ 2020ની 'વિશ્વ દર્દી સલામતી દિવસ'ની થીમ શું છે ?
   (A) Speak up for Patient Safety
   (B) Health Worker Safety : A Priority for Patient Safety
   (C) Patient Safety : a Global Health Issue
   (D) Patient Safety : a Global Health Challenge **(B)**

4. માર્ચ 2020 દરમિયાન થયેલી ગણતરી અનુસાર ગુજરાતમાં ઘુડખરની સંખ્યામાં કેટલા ટકાનો વધારો થયો છે ?
   (A) 29 (B) 32 (C) 37 (D) 39 **(C)**

5. માર્ચ 2020 દરમિયાન થયેલી ગણતરી અનુસાર ગુજરાતમાં ઘુડખરની કેટલી સંખ્યા નોંધાઈ છે ?
   (A) 6082 (B) 6182 (C) 6282 (D) 6382 **(A)**

6. માર્ચ 2020 દરમિયાન થયેલી ગણતરી અનુસાર ગુજરાતના કુલ કેટલા જિલ્લાઓમાં ઘુડખરની 6082 સંખ્યા નોંધાઈ છે ?
   (A) 4 (B) 5 (C) 6 (D) 8 **(C)**

7. માર્ચ 2020 દરમિયાન થયેલી ગણતરી અનુસાર ગુજરાતના કયા જિલ્લામાં ઘુડખરની સૌથી વધુ સંખ્યા નોંધાઈ છે ?
   (A) કચ્છ (B) બનાસકાંઠા (C) મોરબી (D) સુરેન્દ્રનગર **(D)**

8. ગુજરાતમાં નાણાકીય વર્ષ 2019-20 માટે પ્રોવિડન્ડ ફંડ (PF) પર કેટલા ટકા વ્યાજ આપવાની EPFO દ્વારા મંજૂરી આપવામાં આવી છે ?
   (A) 8.10 (B) 8.15 (C) 8.50 (D) 8.75 **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 18 SEPTEMBER, 2020 FRIDAY

### ➢ દિવસ મહિમા : 18 સપ્ટેમ્બર, (1) આંતરરાષ્ટ્રીય સમાન પગાર દિવસ (International Equal Pay Day) (2) વિશ્વ વાંસ દિવસ (World Bamboo Day)

18 સપ્ટેમ્બર 2020ના રોજ સમગ્ર વિશ્વમાં પ્રથમ 'આંતરરાષ્ટ્રીય સમાન પગાર દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે.

- ખાસ કરીને મહિલાઓ અને પુરુષો વચ્ચે રહેલી પગારની અસમાનતા દૂર કરવા માટે જાગૃતિ ફેલાવવા આ દિવસનો પ્રારંભ કરવામાં આવ્યો છે.
- હાલ જે કામ માટે પુરુષો 1 ડોલર કમાય છે એ જ કામ માટે મહિલાઓને 77 સેન્ટ્સ મળે છે.
- આથી, પગારની આ અસમાનતા દૂર કરવા માટે સંયુક્ત રાષ્ટ્રની જનરલ એસેમ્બ્લી દ્વારા 15 નવેમ્બર 2019ના રોજ દર વર્ષે 18 સપ્ટેમ્બરના રોજ આ દિવસ ઉજવવાની મંજૂરી આપવામાં આવી હતી.
- આ અંતર્ગત 18 સપ્ટેમ્બર, 2020ના રોજ પ્રથમ 'આંતરરાષ્ટ્રીય સમાન પગાર દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે.
- વર્ષ 2020ના પ્રથમ 'આંતરરાષ્ટ્રીય સમાન પગાર દિવસ'ની થીમ 'Building back a better Future of work by ensuring Pay equity' છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ➢ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન નિમિત્તે ગુજરાતમાં 'મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના' લોન્ચ

17 સપ્ટેમ્બર 2020ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિનની ગુજરાતમાં 'પંચામૃત પર્વ' તરીકે ઉજવણી કરવામાં આવી હતી.

- આ અંતર્ગત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન નિમિત્તે 17 સપ્ટેમ્બર 2020ના રોજ ગુજરાતમાં પાંચ યોજનાઓ અથવા તો વિકાસ કાર્યોનો મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ શુભારંભ કરાવ્યો હતો.
- આ પાંચ યોજનાઓમાં –

  (1) મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના

  (2) ગાંધીનગરમાં 24 × 7 પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવાની યોજના

  (3) સાગબારા ડેડીયાપાડા જૂથ પાણી પુરવઠા યોજના

  (4) ક્લાયમેટ ચેન્જ ડિપાર્ટમેન્ટના ડોક્યુમેન્ટનું વિમોચન અને

  (5) ખેડૂતો માટે ગાય નિભાવ ખર્ચ સહાય યોજના અને પ્રાકૃતિક કૃષિ કીટ સહાય યોજના નો સમાવેશ થાય છે.

**નોંધ :**

(1) 17 સપ્ટેમ્બર, 1950ના રોજ ગુજરાતના વડનગર ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો જન્મ થયો હતો.

(2) ભારતમાં 17 સપ્ટેમ્બર 'શ્રી વિશ્વકર્મા જયંતિ'તરીકે ઉજવાય છે.

(3) 17 સપ્ટેમ્બર, 1948ના રોજ હૈદરાબાદના નિઝામે આત્મસમર્પણ કર્યું હતું અને હૈદરાબાદને ભારત સાથે જોડવાનો નિર્ણય કર્યો હતો. આથી, ભારતમાં 17 સપ્ટેમ્બર 'હૈદરાબાદ મુક્તિ દિન' તરીકે પણ ઉજવાય છે.

## મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના

ગુજરાતમાં **મહિલાઓના આર્થિક સશક્તિકરણ** તથા તેમની **માથાદીઠ આવકમાં વધારો કરવા માટે** આ યોજના લોન્ચ કરવામાં આવી છે.




- આ યોજના અંતર્ગત ગુજરાતમાં **1 લાખ જૂથો (અથવા તો સખીમંડળોની) 10 લાખ** મહિલાઓને **વગર વ્યાજે** લોન આપવામાં આવશે.
- જેમાં **પ્રત્યેક મહિલા જૂથ**ને **રૂ. 1 લાખ**ની લોન આપવામાં આવશે.
- આ યોજના અંતર્ગત **કુલ રૂ. 1000 કરોડ** સુધીની લોન મહિલા જૂથોને આપવામાં આવશે.
- આ લોનનું વ્યાજ **ગુજરાત સરકાર** ભોગવશે.
- આ ઉપરાંત આ લોન માટેની **સ્ટેમ્પ ડયુટીમાં પણ માફી** આપવામાં આવી છે.

INSTITUTE FOR COMPETITIVE EXAM

**નોંધ :** (1) આ યોજના અંતર્ગત ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાંથી 50,000 અને શહેરી વિસ્તારોમાંથી 50,000 એમ કુલ 1 લાખ મહિલા જૂથો બનાવવામાં આવશે.

(2) આવા 1 જૂથમાં કુલ 10 મહિલાઓ હશે. અને જૂથમાં આપેલી લોનની જવાબદારી તમામ દસેય મહિલાઓની સંયુક્ત હશે.

(3) આવા જૂથોની રચના કરવામાં સહાયક થનાર કોમ્યુનિટી રીસોર્સ પર્સનને રૂ. 300ની પ્રોત્સાહક સહાય અપાશે.

## ➤ સમગ્ર શહેરમાં 365 દિવસ 24 × 7 પીવાનું પાણી પૂરું પાડનાર ગુજરાતનું ગાંધીનગર ભારતનું પ્રથમ શહેર બનશે

17 સપ્ટેમ્બર 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ ભારતના ગૃહમંત્રી **શ્રી અમિત શાહ**ની વીડિયો કોન્ફરન્સ દ્વારા ઉપસ્થિતિમાં **ગુજરાત**ના **ગાંધીનગર**માં પીવાના પાણીની એક યોજનાનું ઈ–ખાતમુહૂર્ત કર્યું હતું.

- ગુજરાતના પાટનગર **ગાંધીનગર**માં **રૂ. 229 કરોડ**ના ખર્ચે આકાર પામનારી આ યોજનાથી શહેરના નાગરિકોને નળ દ્વારા **24 × 7 કલાક પીવાનું શુદ્ધ પાણી** ઉપલબ્ધ થશે.
- આ યોજનાના અમલની સાથે જ **ગાંધીનગર** સમગ્ર શહેરમાં 24 કલાક પીવાનું પાણી ઉપલબ્ધ કરાવનારું ભારતનું **પ્રથમ અને એકમાત્ર શહેર** બની જશે.

**નોંધ :** (1) ભારતના અનેક શહેરોમાં હાલ જે તે શહેરના કેટલાક વિસ્તારોમાં 24 કલાક પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવામાં આવે જ છે.

(2) પરંતુ **આખા શહેર માટે** આવી યોજનાનો અમલ ભારતમાં **પ્રથમ** વખત થઈ રહયો છે.

## ➤ ઉકાઈ જળાશય આધારિત સાગબારા-ડેડીયાપાડા જૂથ પાણી પુરવઠા યોજનાનું ઈ-લોકાર્પણ

17 સપ્ટેમ્બર 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**ના જન્મદિન નિમિત્તે ગુજરાતમાં **સાગબારા-ડેડીયાપાડા જૂથ પાણી પુરવઠા યોજના**નો ઈ–શુભારંભ કરાવ્યો હતો.

- આ યોજનાથી ગુજરાતના–

  (1) **નર્મદા અને**

  (2) **તાપી**

  જિલ્લાના 205 ગામોના 2.73 લાખ લોકોને દૂરથી પાણી લાવવામાં થતી હાડમારીમાંથી મુક્તિ મળશે.
- આ યોજના અંતર્ગત –

  (1) **નર્મદા જિલ્લાના : સાગબારા અને ડેડીયાપાડા તેમજ**

  (2) **તાપી જિલ્લાના : સોનગઢ**

  તાલુકાના ગામોને લાભ થશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ 'બિલ્ડિંગ અ ક્લાયમેટ રેસિલિયન્ટ ગુજરાત'નું મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે વિમોચન

17 સપ્ટેમ્બર 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન નિમિત્તે ગુજરાતના ક્લાયમેટ ચેન્જ વિભાગના પુસ્તક 'બિલ્ડિંગ અ કલાયમેટ રેસિલિયન્ટ ગુજરાત : એ ડિકેડ ઓફ કલાયમેટ એક્શન એન્ડ અ રોડમેપ ફોર ધી ફ્યુચર'નું ઈ–લોકાર્પણ કરાવ્યું હતું.

- આ પુસ્તકમાં ગુજરાતના ક્લાયમેટ ચેન્જ વિભાગે તેની સ્થાપનાના પ્રથમ દસ વર્ષમાં જે કામ કર્યું છે તેનો તેમજ તેની ભવિષ્યની યોજનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

### ક્લાયમેટ ચેન્જ વિભાગના 10 MoU

17 સપ્ટેમ્બર 2020ના રોજ ગુજરાતના ક્લાયમેટ ચેન્જ વિભાગ દ્વારા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં 10 MoU કરવામાં આવ્યા હતા.

**નોંધ :** ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ગુજરાતમાં 17 સપ્ટેમ્બર 2009ના રોજ ગુજરાતના ક્લાયમેટ ચેન્જ વિભાગની સ્થાપના કરવામાં આવી હતી.

## ➤ ગુજરાતમાં બેટરી સંચાલિત ટુ વ્હીલર-થ્રી વ્હિલરના ઉપયોગને પ્રોત્સાહન આપવા સહાય યોજનાની જાહેરાત

17 સપ્ટેમ્બર 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં બેટરી સંચાલિત વાહનોના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે નવી યોજનાની જાહેરાત કરી છે.

- આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ ગુજરાતના શહેરોમાં વાયુ પ્રદૂષણમાં ઘટાડો કરવાનો છે.

### બેટરી સંચાલિત ટુ વ્હીલર

આ યોજના અંતર્ગત ગુજરાતના ધોરણ 9થી કોલેજ સુધીનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને બેટરી સંચાલિત ટુ વ્હીલર ખરીદવા ગુજરાત સરકાર રૂ. 12,000ની સહાય આપશે.

- ગુજરાતમાં આવા 10,000 વાહનોને આ સહાય આપવાનું ગુજરાત સરકારનું લક્ષ્યાંક છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## બેટરી સંચાલિત થ્રી વ્હીલર

આ ઉપરાંત ગુજરાતમાં વ્યકિતગત અને સંસ્થાકીય લાભાર્થીઓને પણ બેટરી સંચાલિત ઈ-રીક્ષા અથવા તો થ્રી વ્હીલર ખરીદવા માટે ગુજરાત સરકાર દ્વારા સહાય આપવામાં આવશે.

- આ માટે તેમને રૂ. 48,000ની સહાય આપવામાં આવશે.
- ગુજરાતમાં આવી 5000 ઈ–રીક્ષાને આ સહાય આપવાની ગુજરાત સરકારની યોજના છે.

## ➤ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા નર્મદા નીરના વધામણા

17 સપ્ટેમ્બર 2020ના રોજ ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા ડેમને તેની પૂર્ણ સપાટી 138.68 મીટર સુધી ભરવામાં આવ્યો હતો.

- આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગાંધીનગરથી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી નર્મદા નીરના ઈ–વધામણા કર્યા હતા.
- ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન નિમિત્તે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## સરદાર સરોવર ડેમ - નર્મદા યોજના અંગેની કેટલીક અગત્યની તવારીખ

(1) શ્રી સરદાર વલ્લભભાઈ પટેલે સૌપ્રથમ વખત 1946માં નર્મદા નદી પર વિશાળ બંધ બાંધવાનો વિચાર રજૂ કર્યો હતો એવું કહેવાય છે.

(2) ત્યારબાદ 5 એપ્રિલ, 1961ના રોજ ભારતના તત્કાલીન વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુએ આ ડેમનો શિલાન્યાસ કર્યો હતો.

(3) ગુજરાત અને મધ્યપ્રદેશ વચ્ચે નર્મદા જળના હિસ્સા અંગે થયેલા વિવાદના ઉકેલ માટે કેન્દ્ર સરકારે 1964માં ખોસલા સમિતિની રચના કરી હતી.

(4) જોકે, ખોસલા સમિતિની ભલામણ સાથે મધ્યપ્રદેશ સરકાર સહમત ન થતાં આ વિવાદના ઉકેલ માટે કેન્દ્ર સરકારે (નદી જળ વિવાદ એકટ 1956 અંતર્ગત) ઓક્ટોબર 1969માં નર્મદા જળ વિવાદ પંચ (એટલે કે ટ્રિબ્યુનલની) રચના કરી હતી.

(5) ઓક્ટોબર 1969માં રચાયેલી આ ટ્રિબ્યુનલે 1979માં તેનો અંતિમ અને સીમાચિહ્ન રૂપ ચુકાદો આપ્યો હતો.

(6) એપ્રિલ 1987માં પાયાથી 163 મીટર ઊંચા અને 1210 મીટર લાંબા કોન્ક્રીટ ગ્રેવીટી ડેમના બાંધકામનો ઈજારો આપવામાં આવ્યો હતો અને તેના બાંધકામનો પ્રારંભ થયો હતો.

(7) સૌપ્રથમ ફેબ્રુઆરી 1999માં સુપ્રીમ કોર્ટે આ ડેમની ઊંચાઈ 80 મીટરથી વધારીને 88 મીટર કરવાની મંજૂરી આપી હતી.

(8) નર્મદા કંટ્રોલ ઓથોરિટીએ માર્ચ 2006માં આ ડેમની ઊંચાઈ 110.64 મીટરથી વધારીને 121.92 મીટર સુધી લઈ જવાની છૂટ આપી હતી. આ સમયે વિવાદ થતાં ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 16 એપ્રિલ 2006થી ઉપવાસ કર્યો હતો.

(9) જૂન 2014માં શ્રી નરેન્દ્રભાઈ મોદી ભારતના વડાપ્રધાન બન્યાના 17મા દિવસે નર્મદા કંટ્રોલ ઓથોરિટીએ તેની ઊંચાઈ 121.92 મીટર (400 ફૂટ)થી વધારીને 138.68 મીટર (455 ફૂટ) સુધી લઈ જવાની ફાઈનલ મંજૂરી આપી હતી.

(10) ત્યારબાદ આ ડેમને તેની પૂર્ણ સપાટી સુધી ભરવા માટે 16 જૂન 2017ના રોજ નર્મદા કન્ટ્રોલ ઓથોરિટીની 89મી બેઠકમાં તેના દરવાજા બંધ કરવા માટે મંજૂરી આપવામાં આવી હતી.

(11) અને 17 જૂન 2017ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના હસ્તે તેના તમામ 30 દરવાજા બંધ કરવામાં આવ્યા હતા.

(12) તારીખ 15 સપ્ટેમ્બર 2019ના રોજ નર્મદા ડેમ પ્રથમ વખત તેની પૂર્ણ જળાશય સપાટીએ એટલે કે 138.68 મીટર ભરાયો હતો. અને 17 સપ્ટેમ્બર 2019ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિને નર્મદા નીરના વધામણા કરવામાં આવ્યા હતા.

**નોંધ :** (1) નર્મદા ડેમમાં 138.68 મીટર એટલે કે 455 ફૂટ સુધી પાણીનો જીવંત સંગ્રહ થતાં તેમાં 4.73 મિલિયન એકર ફૂટ જળ સંગ્રહ શક્ય બન્યો છે.

(2) નર્મદા ડેમની ઊંચાઈ 138.68 મીટર અથવા તો 455 ફૂટ છે. જોકે, તેના પાયાથી અથવા તો સૌથી ઊંડા પાયાથી તેની ઊંચાઈ 163 મીટર અથવા તો 535 ફૂટ છે.

(3) નર્મદા ડેમની માલિકી 'Narmada Control Authority' (એટલે કે નર્મદા નિયંત્રણ સત્તામંડળ) પાસે છે.

(4) નર્મદા ડેમના પાણી તથા તેમાંથી મળતી વીજળીનો લાભ ભારતના ચાર રાજ્યોને મળે છે : (i) ગુજરાત (ii) મધ્યપ્રદેશ (iii) રાજસ્થાન અને (iv) મહારાષ્ટ્ર.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS
JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

ICE Questions

1. વર્ષ 2020માં કયા દિવસે પ્રથમ 'આંતરરાષ્ટ્રીય સમાન પગાર દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે ?
(A) 16 સપ્ટેમ્બર (B) 17 સપ્ટેમ્બર (C) 18 સપ્ટેમ્બર (D) 19 સપ્ટેમ્બર **(C)**

2. 18 સપ્ટેમ્બર, 2019ના રોજ કેટલામા 'આંતરરાષ્ટ્રીય સમાન પગાર દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે ?
(A) પ્રથમ (B) બીજા (C) ત્રીજા (D) ચોથા **(A)**

3. 'વિશ્વ વાંસ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 16 સપ્ટેમ્બર (B) 17 સપ્ટેમ્બર (C) 18 સપ્ટેમ્બર (D) 19 સપ્ટેમ્બર **(C)**

4. 17 સપ્ટેમ્બર 2020ને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન નિમિત્તે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં મહિલાઓ માટે કઈ યોજનાનો શુભારંભ કરાવ્યો હતો ?
(A) મુખ્યમંત્રી મહિલા જૂથ સહાય યોજના
(B) મુખ્યમંત્રી મહિલા સખીમંડળ યોજના
(C) મુખ્યમંત્રી મહિલા સમૃદ્ધિ યોજના
(D) મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના **(D)**

5. 'મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના' અંતર્ગત ગુજરાતમાં કેટલી મહિલા જૂથોને લોન આપવામાં આવશે ?
(A) 25,000 (B) 50,000 (C) 1,00,000 (D) 2,00,000 **(C)**

6. 'મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના' અંતર્ગત ગુજરાતમાં 1 લાખ મહિલા જૂથોની કેટલી મહિલાઓને લોન આપવામાં આવશે ?
(A) 5 લાખ (B) 10 લાખ (C) 15 લાખ (D) 20 લાખ **(B)**

7. 'મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના' અંતર્ગત ગુજરાતમાં 1 લાખ મહિલા જૂથોની 10 લાખ મહિલાઓને કેટલા ટકા વ્યાજે લોન આપવામાં આવશે ?
(A) 0 ટકા (B) 2 ટકા (C) 3 ટકા (D) 5 ટકા **(A)**

8. 'મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના' અંતર્ગત ગુજરાતમાં મહિલાઓને જૂથ દીઠ કેટલા રૂપિયાની લોન વગર વ્યાજે આપવામાં આવશે ?
(A) 50,000 (B) 1,00,000 (C) 1,50,000 (D) 2,00,000 **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

9. 'મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના' અંતર્ગત ગુજરાતમાં મહિલાઓને કુલ કેટલા રૂપિયાની લોન આપવામાં આવશે ?

(A) 400 કરોડ (B) 600 કરોડ (C) 800 કરોડ (D) 1000 કરોડ **(D)**

10. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિને ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના કયા શહેરમાં 24 કલાક પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવાની યોજનાનું ખાતમુહૂર્ત કર્યું હતું ?

(A) અમદાવાદ (B) રાજકોટ (C) ગાંધીનગર (D) સુરત **(C)**

11. સમગ્ર શહેરમાં 365 દિવસ 24 × 7 પીવાનું પાણી ઉપલબ્ધ કરાવનાર કયું શહેર ભારતનું પ્રથમ શહેર બનશે ?

(A) ગાંધીનગર (B) ભોપાલ (C) પૂણે (D) મસુરી **(A)**

12. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિને ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં કઈ જૂથ પાણી પુરવઠા યોજનાનો ઈ–શુભારંભ કરાવ્યો છે ?

(A) સાગબારા–ડેડીયાપાડા (B) સાગબારા–વ્યારા
(C) સાગબારા–સોનગઢ (D) સાગબારા–રતનપુર **(A)**

13. કયા જળાશય આધારિત સાગબારા–ડેડીયાપાડા જૂથ પાણી પુરવઠા યોજનાનો ગુજરાતમાં પ્રારંભ કરવામાં આવ્યો છે ?

(A) ભાદર (B) ફોફળ (C) શેત્રુંજી (D) સરદાર સરોવર **(C)**

14. ગુજરાતમાં શેત્રુંજી જળાશય આધારિત સાગબારા–ડેડીયાપાડા જૂથ પાણી પુરવઠા યોજનાનો શુભારંભ કરવામાં આવ્યો છે....આ યોજનાથી ગુજરાતના કયા બે જિલ્લાના 205 ગામોને લાભ મળશે ?

(A) નર્મદા અને ડાંગ (B) નર્મદા અને વલસાડ
(C) નર્મદા અને તાપી (D) નર્મદા અને નવસારી **(C)**

15. સાગબારા તાલુકો ગુજરાતના કયા જિલ્લામાં આવેલો છે ?

(A) તાપી (B) નર્મદા (C) ડાંગ (D) વલસાડ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

16. ગુજરાત સરકારના કયા વિભાગના પુસ્તક 'બિલ્ડિંગ અ ક્લાયમેટ રેસિલિયન્ટ ગુજરાત ....'નું મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિને વિમોચન કર્યું છે ?
(A) માહિતી વિભાગ (B) પર્યાવરણ સુરક્ષા વિભાગ
(C) ક્લાયમેટ ચેન્જ વિભાગ (D) ત્રણમાંથી કોઈ નહિ
(C)

17. 17 સપ્ટેમ્બર 2020ના રોજ ગુજરાત સરકારના ક્લાયમેટ ચેન્જ વિભાગ દ્વારા તેના સ્થાપના દિન નિમિત્તે કુલ કેટલા MoU કરવામાં આવ્યા છે ?
(A) 7 (B) 8 (C) 10 (D) 12
(C)

18. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કરેલી જાહેરાત અનુસાર ગુજરાતમાં કયા વિદ્યાર્થીઓને બેટરી સંચાલિત (અથવા તો ઈલેક્ટ્રીક) ટુ વ્હીલર ખરીદવા માટે સહાય આપવામાં આવશે ?
(A) ધોરણ 9થી ધોરણ 12માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને
(B) ધોરણ 12થી કોલેજ સુધીનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને
(C) ધોરણ 9થી કોલેજ સુધીનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને
(D) ગુજરાતના તમામ વિદ્યાર્થીઓને
(C)

19. ગુજરાતમાં ધોરણ 9થી કોલેજ સુધીનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને બેટરી સંચાલિત ટુ વ્હીલર ખરીદવા માટે ગુજરાત સરકાર દ્વારા કેટલા રૂપિયાની સહાય આપવામાં આવશે ?
(A) 10,000 (B) 12,000 (C) 15,000 (D) 18,000
(B)

20. ગુજરાતમાં વ્યકિતગત કે સંસ્થાકીય લાભાર્થીને બેટરી સંચાલિત ઈ–રીક્ષા અથવા તો થ્રી વ્હીલર ખરીદવા માટે ગુજરાત સરકાર દ્વારા કેટલી સહાય આપવામાં આવશે ?
(A) 36,000 (B) 38,000 (C) 46,000 (D) 48,000
(D)

21. ગુજરાતમાં બેટરી સંચાલિત કેટલા ટુ–વ્હીલરને સહાય આપવાનું ગુજરાત સરકારનું લક્ષ્ય છે ?
(A) 1000 (B) 5000 (C) 10,000 (D) 15,000
(C)

22. ગુજરાતમાં બેટરી સંચાલિત કેટલા થ્રી–વ્હીલરને સહાય આપવાનું ગુજરાત સરકારનું લક્ષ્ય છે ?
(A) 1000 (B) 5000 (C) 10,000 (D) 15,000
(B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

23. સરદાર સરોવર નર્મદા ડેમને કેટલા મીટર સુધીની તેની પૂર્ણ સપાટીએ ભરવામાં આવતા 17 સપ્ટેમ્બર 2020ના રોજ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ નર્મદા નીરના ઈ–વધામણા કર્યા હતા ?

(A) 138.18 (B) 138.48 (C) 138.68 (D) 138.78 **(C)**

24. સરદાર સરોવર નર્મદા ડેમનો શિલાન્યાસ કયારે થયો હતો ?

(A) 1 એપ્રિલ, 1961 (B) 5 એપ્રિલ, 1961
(C) 10 એપ્રિલ, 1961 (D) 15 એપ્રિલ, 1961 **(B)**

25. ગુજરાત અને મધ્યપ્રદેશ વચ્ચે નર્મદા જળના હિસ્સા અંગે થયેલા વિવાદના સમાધાન માટે કેન્દ્ર સરકારે 1964માં કઈ સમિતિની રચના કરી હતી ?

(A) ખોસલા સમિતિ (B) જીવીકે સમિતિ
(C) નૈયર સમિતિ (D) કુલભૂષણ સમિતિ **(A)**

26. નર્મદા જળ વિવાદના ઉકેલ માટે ટ્રિબ્યુનલ અથવા તો નર્મદા જળ વિવાદ પંચની રચના કયારે થઈ હતી ?

(A) ઓકટોબર 1969 (B) ઓકટોબર 1971
(C) ઓકટોબર 1976 (D) ઓકટોબર 1979 **(A)**

27. નર્મદા કંટ્રોલ ઓથોરિટી દ્વારા નર્મદા ડેમની ઊંચાઈ 121.92 મીટરથી વધારીને 138.68 મીટર સુધી લઈ જવાની ફાઈનલ મંજૂરી કયારે આપવામાં આવી હતી ?

(A) જૂન 2012 (B) જૂન 2013 (C) જૂન 2014 (D) જૂન 2015 **(C)**

28. નર્મદા ડેમને તેની પૂર્ણ સપાટી સુધી ભરવા માટે નર્મદા ડેમના તમામ 30 દરવાજા બંધ કરવાની મંજૂરી નર્મદા કન્ટ્રોલ ઓથોરિટીની કેટલામી બેઠકમાં આપવામાં આવી હતી ?

(A) 80મી (B) 83મી (C) 87મી (D) 89મી **(D)**

29. 17 સપ્ટેમ્બરના રોજ ભારતમાં નીચેનામાંથી કયો દિવસ ઉજવાતો નથી ?

(A) વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો જન્મદિન
(B) શ્રી વિશ્વકર્મા જયંતિ
(C) હૈદરાબાદ મુકિત દિન
(D) છત્રપતિ શિવાજી મહારાજ જન્મદિન **(D)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

19 SEPTEMBER, 2020 SATURDAY

## ➤ JDUના સાંસદ શ્રી હરિવંશ નારાયણ સિંહ રાજ્યસભાના ઉપસભાપતિ તરીકે બીજી વખત ચૂંટાયા

14 સપ્ટેમ્બર, 2020ના રોજ ભારતના બિહારમાંથી શ્રી નીતિશકુમારની પાર્ટી જનતા દળ યુનાઈટેડ (JDU)ના રાજ્યસભાના સાંસદ શ્રી હરિવંશ નારાયણ સિંહ રાજ્યસભાના ઉપસભાપતિ તરીકે બીજી વખત ચૂંટાઈ આવ્યા છે.

### રાજ્યસભાના ઉપસભાપતિ માટેની ચૂંટણી

ભારતની રાજ્યસભામાં 14 સપ્ટેમ્બર, 2020ના રોજ રાજ્યસભાના ઉપસભાપતિ પદ માટે મતદાન થયું હતું.

- જેમાં NDAના ઉમેદવાર અને JDUના સાંસદ શ્રી હરિવંશ નારાયણ સિંહ વિજયી થયા હતા.
- જ્યારે તેમના હરિફ ઉમેદવાર વિપક્ષ સમર્થિત RJDના સાંસદ શ્રી મનોજ ઝાનો પરાજય થયો હતો.
- આમ, આ ચૂંટણીમાં વિપક્ષી ઉમેદવાર શ્રી મનોજ ઝા સામે સત્તાધારી NDAના શ્રી હરિવંશ નારાયણ સિંહ થયા હતા.

**નોંધ :** ભારતીય બંધારણના અનુચ્છેદ 89(2) અંતર્ગત રાજ્યસભાના ઉપસભાપતિની ચૂંટણી કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### શ્રી હરિવંશ નારાયણ સિંહ

શ્રી હરિવંશ નારાયણ સિંહનો જન્મ 30 જૂન, 1956ના રોજ ઉત્તરપ્રદેશના બલિયા ખાતે થયો હતો.

- તેઓ બનારસ હિંદુ યુનિવર્સિટીમાંથી ગ્રેજ્યુએટ થયા હતા.
- અને તેમણે અર્થશાસ્ત્રમાં M.A. કર્યું હતું.
- આ ઉપરાંત તેમણે જર્નાલિઝમમાં ડિપ્લોમા કર્યો હતો.
- શ્રી હરિવંશ સિંહ પ્રસિદ્ધ પત્રકાર છે. અને તેઓ ઝારખંડ તથા બિહારના 'પ્રભાત' અખબારના તંત્રી હતા.
- તેમણે પત્રકાર તરીકેની કારકિર્દીની શરૂઆત 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા'થી કરી હતી.
- ભારતના પૂર્વ વડાપ્રધાન શ્રી ચંદ્રશેખરના એડિશનલ મીડિયા એડવાઈઝર તરીકે પણ તેમણે કાર્ય કર્યું હતું.

- વર્ષ 2014માં જનતા દળ યુનાઈટેડ (JDU) દ્વારા તેમને બિહારમાંથી રાજ્યસભાના સાંસદ તરીકે નામાંકિત કરવામાં આવ્યા હતા.
- 9 ઓગસ્ટ, 2018ના રોજ નેશનલ ડેમોક્રેટિક અલાયન્સ (NDA)ના ઉમેદવાર તરીકે તેઓ રાજ્યસભાના ઉપસભાપતિ તરીકે પ્રથમ વખત ચૂંટાઈ આવ્યા હતા.

**પ્રથમ વખત રાજ્યસભાના ઉપસભાપતિ તરીકે શ્રી હરિવંશ સિંહે કોનું સ્થાન લીધું હતું ?**

શ્રી હરિવંશ સિંહ અગાઉ **શ્રી પી. જે. કુરિયન** રાજ્યસભાના ઉપસભાપતિ હતા.

- શ્રી પી. જે. કુરિયને રાજ્યસભાના ઉપસભાપતિ તરીકે 21 ઓગસ્ટ 2012થી 1 જુલાઈ, 2018 સુધી સેવા આપી હતી.

**નોંધ :** (1) રાજ્યસભાના **પ્રથમ ઉપસભાપતિ શ્રી એસ. વી. ક્રિષ્નમૂર્તિ રાવ** હતા.
(2) **શ્રીમતી વાયલેટ હરિ અલ્વા** રાજ્યસભાના **પ્રથમ મહિલા** ઉપસભાપતિ હતા.

## રાજ્યસભાના પદાધિકારીઓ

રાજ્યસભામાં મુખ્ય બે પદાધિકારીઓ હોય છે : (1) સભાપતિ અને (2) ઉપસભાપતિ.

- ભારતીય બંધારણના **અનુચ્છેદ 89** અંતર્ગત રાજ્યસભાના સભાપતિ અને **ઉપસભાપિત** પદની જોગવાઈ કરવામાં આવી છે.

## રાજ્યસભાના સભાપતિ

ભારતીય બંધારણના **અનુચ્છેદ 89** અનુસાર ભારતના **ઉપરાષ્ટ્રપતિ** હોદ્દાની રૂએ **રાજ્યસભાના સભાપતિ** હોય છે.

- જોકે, તેઓ રાજ્યસભાના સભ્ય હોતા નથી.
- રાજ્યસભાના સભાપતિની કામગીરી લોકસભાના અધ્યક્ષ જેવી જ હોય છે. પરંતુ તેઓ લોકસભાના અધ્યક્ષની જેમ તે ગૃહના સભ્ય હોતા નથી.
- રાજ્યસભાના સભાપતિને ત્યારે જ પદ ઉપરથી હટાવી શકાય જ્યારે તેમને ઉપરાષ્ટ્રપતિ પદ ઉપરથી હટાવી શકાય.
- ઉપરાષ્ટ્રપતિ હોદ્દાની રૂએ રાજ્યસભાના સભાપતિ હોવાથી તેઓએ સભાપતિ તરીકે શપથ લેવાના હોતા નથી. પરંતુ તેઓ **પરિશિષ્ટ-3**માં દર્શાવ્યા મુજબ **ઉપરાષ્ટ્રપતિ પદ**ના જ શપથ લે છે.
- ઉપરાષ્ટ્રપતિ જયારે રાષ્ટ્રપતિની ફરજોનું કાર્યપાલન કરતા હોય ત્યારે તેઓ રાજ્યસભાના સભાપતિ પદે કાર્ય કરતા નથી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- રાજ્યસભાના સભાપતિ મતદાનમાં ભાગ લેતા નથી. પરંતુ સરખા મત પડે તો નિર્ણાયક મત (Casting Vote) આપે છે.
- ભારતીય બંધારણના અનુચ્છેદ 92 અંતર્ગત રાજ્યસભામાં જ્યારે ઉપરાષ્ટ્રપતિને તેમના હોદ્દા પરથી દૂર કરવા વિચારણા થઈ રહી હોય તે સમયે તેઓ સભાપતિનું સ્થાન લઈ શકશે નહિ.

**નોંધ :** (1) રાજ્યસભાના પ્રથમ સભાપતિ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન હતા.

(2) રાજ્યસભાના વર્તમાન (19 સપ્ટેમ્બર, 2020ની સ્થિતિએ) સભાપતિ શ્રી એમ. વેંકૈયા નાયડુ છે.

## રાજ્યસભાના ઉપસભાપતિ

રાજ્યસભામાં સભાપતિની ગેરહાજરીમાં ઉપસભાપતિ રાજ્યસભાના સભાપતિનું કાર્ય કરે છે.

- ભારતીય બંધારણના અનુચ્છેદ 91 અનુસાર રાજ્યસભાની કોઈ બેઠકમાં સભાપતિની ગેરહાજરી દરમિયાન ઉપસભાપતિ અથવા જો તેઓ પણ ગેરહાજર હોય તો રાજ્યસભાની કાર્યવાહીના નિયમોથી નક્કી કરવામાં આવે તે વ્યક્તિ અથવા આવી કોઈ વ્યક્તિ હાજર ન હોય તો રાજ્યસભા નક્કી કરે તેવી અન્ય વ્યક્તિ અધ્યક્ષ તરીકે કાર્ય કરે છે.
- ભારતીય બંધારણના અનુચ્છેદ 90 અંતર્ગત રાજ્યસભાના ઉપસભાપતિનું પદ નીચેની પરિસ્થિતિમાં ખાલી પડે છે :

(1) તેઓ રાજ્યસભાના સભ્ય ન રહે તો

(2) જો તેઓ રાજ્યસભાના સભાપતિને પોતાનું રાજીનામું આપે તો.

(3) ભારતીય બંધારણના અનુચ્છેદ 90 અંતર્ગત રાજ્યસભાના તે વખતના તમામ સભ્યો બહુમતીથી ઠરાવ પસાર કરીને રાજ્યસભાના ઉપસભાપતિને પદ પરથી દૂર કરી શકે છે. જોકે, આ ઠરાવ રજૂ કરતા પહેલા ઉપસભાપતિને 14 દિવસ અગાઉ નોટીસ આપીને તેની જાણ કરવી જરૂરી છે.

## સભાપતિ અને ઉપસભાપતિનો કાર્યકાળ

ભારતમાં રાજ્યસભાના સભાપતિ (ઉપરાષ્ટ્રપતિ)નો કાર્યકાળ 5 વર્ષનો હોય છે.

- જ્યારે રાજ્યસભાના ઉપસભાપતિનો કાર્યકાળ સામાન્ય રીતે તેમની રાજ્યસભાના સભ્ય તરીકેની મુદત પૂરી થાય ત્યાં સુધીનો એટલે કે વધુમાં વધુ 6 વર્ષનો હોય છે.
- જોકે, મુદત પૂરી થયા બાદ તેમની ફરીથી નિમણૂક કરી શકાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સભાપતિ અને ઉપસભાપતિનું વેતન

રાજ્યસભાના સભાપતિ અને ઉપસભાપતિને ભારતની સંચિત નિધિ (Consolidated Found)માંથી વેતન આપવામાં આવે છે.

- જેમાં રાજ્યસભાના સભાપતિને ઉપરાષ્ટ્રપતિ તરીકે પગાર મળે છે.
- જે વર્તમાનમાં રૂા. 4 લાખ પ્રતિમાસ છે.

**નોંધ :** (1) રાજ્યસભાના સભાપતિ હોદ્દાની રૂએ ઉપરાષ્ટ્રપતિ જ હોય છે. આથી રાજ્યસભાના સભાપતિ પોતાનું રાજીનામું રાજ્યસભાના ઉપસભાપતિને નહિ, પરંતુ ઉપરાષ્ટ્રપતિ તરીકેનું રાજીનામું રાષ્ટ્રપતિને આપે છે.

(2) આથી ઉપરાષ્ટ્રપતિનું પદ ખાલી પડતા રાજ્યસભાના અધ્યક્ષનું પદ આપોઆપ ખાલી પડે છે.

(3) રાજ્યસભાના ઉપસભાપતિ પોતાનું રાજીનામું રાજ્યસભાના સભાપતિને આપે છે.

(4) લોકસભાના અધ્યક્ષ પોતાનું રાજીનામું ઉપાધ્યક્ષને અને ઉપાધ્યક્ષ પોતાનું રાજીનામું લોકસભાના અધ્યક્ષને આપે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**રાજ્યસભાના સભાપતિ અને ઉપસભાપતિ અંગે બંધારણના મહત્ત્વના અનુચ્છેદો**

| ક્રમ | અનુચ્છેદ | જોગવાઈ |
|---|---|---|
| 1 | અનુચ્છેદ 89 | રાજ્યસભાના સભાપતિ અને ઉપસભાપતિ |
| 2 | અનુચ્છેદ 89(2) | રાજ્યસભાના ઉપસભાપતિની ચૂંટણી |
| 3 | અનુચ્છેદ 90 | ઉપસભાપતિના પદની ખાલી જગ્યા, રાજીનામું અથવા તેમને પદ પરથી દૂર કરવા બાબત |
| 4 | અનુચ્છેદ 91 | સભાપતિ તરીકેના કર્તવ્યોનું પાલન કરવાની સભાપતિ, ઉપસભાપતિ અથવા અન્ય વ્યક્તિઓની સત્તાઓ |
| 5 | અનુચ્છેદ 92 | જ્યારે સભાપતિ અથવા ઉપસભાપતિને પદ પરથી હટાવવાની નોટિસ વિચારણા હેઠળ હોય ત્યારે તેઓ હાજર રહેવા છતાં પોતાનું પદ નહિ સંભાળે. |

## ➤ ગુજરાતના ભાવનગર ખાતે નિર્માણ પામનાર વિશ્વના પ્રથમ CNG ટર્મિનલ માટે લેટર ઓફ ઈન્ટેન્ટને મંજૂરી

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના ભાવનગર ખાતે વિશ્વનું પ્રથમ CNG ટર્મિનલ પોર્ટ વિકસાવવા માટેના લેટર ઓફ ઈન્ટેન્ટને મંજૂરી આપી દીધી છે.

- આ સાથે જ હવે આ પોર્ટના વિકાસની કામગીરીનો પ્રારંભ થઈ ગયો છે.
- આ ટર્મિનલના નિર્માણથી ગુજરાત CNG અને LNG ટર્મિનલ ધરાવતું ભારતનું એકમાત્ર રાજ્ય બનશે.
- કુલ રૂ. 1900 કરોડના આ પ્રોજેકટથી ભાવનગર પોર્ટની વાર્ષિક કાર્ગો વહન ક્ષમતા 9 મિલિયન મેટ્રિક ટન થશે.
- જેમાં પ્રથમ તબક્કામાં રૂ. 1300 કરોડના રોકાણથી પ્રતિવર્ષ 15 લાખ ટન ક્ષમતાનું CNG ટર્મિનલ કાર્યરત થશે.
- અને 45 લાખ ટન ક્ષમતાનું લિકવીડ કાર્ગો ટર્મિનલ, કન્ટેનર અને વ્હાઈટ કાર્ગો તથા રો–રો ટર્મિનલ વિકસાવાશે.

### ગુજરાતમાં કોના દ્વારા આ ટર્મિનલ વિકસાવવામાં આવશે ?

ગુજરાતમાં –

(1) ફોરસાઈટ ગ્રૂપ

(2) પદ્મનાભ મફતલાલ ગ્રૂપ અને

(3) નેધરલેન્ડ સ્થિત બોસ્કાલીસ

દ્વારા સંયુકત રીતે વિશ્વનું આ પ્રથમ CNG ટર્મિનલ વિકસાવવામાં આવશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) ગુજરાતમાં હાલ દહેજ અને હજીરામાં LNG ટર્મિનલ કાર્યરત છે. હવે ભાવનગરમાં વિશ્વના પ્રથમ CNG ટર્મિનલનું નિર્માણ થશે.

(2) CNGનું પૂરું નામ Compressed Natural Gas છે.

(3) LNGનું પૂરું નામ Liquefied Natural Gas છે.



ICE Questions

1. તાજેતરમાં ભારતની રાજ્યસભાના ઉપસભાપતિ તરીકે કોણ ચૂંટાઈ આવ્યું છે ?
   (A) શ્રી બી. કે. હરિપ્રસાદ (B) શ્રી પી. જે. કુરિયન
   (C) શ્રી એમ. વેંકૈયા નાયડુ (D) શ્રી હરિવંશ નારાયણ સિંહ **(D)**

2. તાજેતરમાં શ્રી હરિવંશ નારાયણ સિંહ રાજ્યસભાના ઉપસભાપતિ તરીકે ચૂંટાઈ આવ્યા છે......શ્રી હરિવંશ સિંહના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?
   1. તેમનો જન્મ ઉત્તરપ્રદેશના બલિયામાં થયો હતો.
   2. તેઓ બિહારમાંથી જનતાદળ યુનાઈટેડ (JDU) પક્ષના રાજ્યસભાના સાંસદ છે.
   3. નેશનલ ડેમોક્રેટિક અલાયન્સ (NDA)ના ઉમેદવાર તરીકે તેઓ રાજયસભાના ઉપસભાપતિ પદે ચૂંટાઈ આવ્યા છે.
   4. રાજયસભાના ઉપસભાપતિ તરીકે તેઓ બીજી વખત ચૂંટાઈ આવ્યા છે.

   Ans. : (A) 1, 2, 3 (B) 2, 3, 4 (C) 1, 3, 4 (D) 1, 2, 3, 4 **(D)**

3. ભારતીય બંધારણના કયા અનુચ્છેદ અંતર્ગત રાજ્યસભાના ઉપસભાપતિની ચૂંટણી થાય છે ?
   (A) અનુચ્છેદ-89(2) (B) અનુચ્છેદ-91
   (C) અનુચ્છેદ-90(2) (D) અનુચ્છેદ-92 **(A)**

4. ભારતની રાજ્યસભાના પ્રથમ ઉપસભાપતિ કોણ હતા ?
   (A) ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન (B) શ્રીમતી વાયલેટ હરિ આલ્વા
   (C) શ્રીમતી નજમા હેપ્તુલ્લા (D) શ્રી એસ. વી. ક્રિષ્નમૂર્તિ **(D)**

5. શ્રી હરિવંશ નારાયણ સિંહ કોને પરાજય આપીને રાજ્યસભાના ઉપાધ્યક્ષ તરીકે ફરીથી ચૂંટાઈ આવ્યા છે ?
   (A) શ્રી મનોજ શર્મા (B) શ્રી મનોજ ઝા
   (C) શ્રી મનોજ ત્રિવેદી (D) શ્રી મનોજ વાઘેલા **(B)**

6. ભારતના કયા રાજ્યમાં વિશ્વના પ્રથમ CNG ટર્મિનલનું નિર્માણ થશે ?
   (A) ગુજરાત (B) મહારાષ્ટ્ર (C) ગોવા (D) કેરળ **(A)**

7. ગુજરાતના કયા જિલ્લામાં વિશ્વના પ્રથમ CNG ટર્મિનલનું નિર્માણ કરવામાં આવશે ?
   (A) જામનગર (B) પોરબંદર (C) ભાવનગર (D) સોમનાથ **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

8. ગુજરાતના ભાવનગર ખાતે કોના દ્વારા વિશ્વના પ્રથમ CNG ટર્મિનલનું નિર્માણ કરવામાં આવશે ?

(A) ફોરસાઈટ ગ્રૂપ (B) પદ્મનાભ મફતલાલ ગ્રૂપ

(C) બોસ્કાલીસ (D) ઉપરોક્ત ત્રણેય

**(D)**

9. ગુજરાતમાં કઈ બે જગ્યાએ હાલ LNG ટર્મિનલ કાર્યરત છે ?

(A) દહેજ અને ધોલેરા (B) દહેજ અને અંકલેશ્વર

(C) દહેજ અને હજીરા (D) દહેજ અને સાણંદ

**(C)**



# ONE LINER

CURRENT AFFAIRS

## ભારત

### ➤ ભારત અને જાપાન વચ્ચે મહત્ત્વના સંરક્ષણ કરાર પર હસ્તાક્ષર

સપ્ટેમ્બર 2020 દરમિયાન ભારત અને જાપાન વચ્ચે એક મહત્ત્વના સંરક્ષણ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. આ કરાર અંતર્ગત હવે ભારત અને જાપાનના સૈન્યો એકબીજાના સૈન્ય મથકો તેમજ એકબીજાની સૈન્ય આપૂર્તિ સેવાઓનો ઉપયોગ કરી શકશે. ભારત અને જાપાન વચ્ચે થયેલા આ કરારથી બંને દેશો વચ્ચેના સંબંધ વધુ મજબૂત થશે. ભારતે આ અગાઉ અમેરિકા, ફ્રાન્સ, દક્ષિણ કોરિયા, સિંગાપોર અને ઓસ્ટ્રેલિયા સાથે આ પ્રકારની સમજૂતી કરેલી છે.

### ➤ ભારતના ઉત્તરાખંડમાં વિશ્વનો સૌથી ઊંચો મોટરેબલ રોડ 'માણા પાસ' તૈયાર

ભારતમાં વિશ્વનો સૌથી ઊંચો મોટરેબલ રોડ 'માણા પાસ' તૈયાર થઈ ગયો છે. ભારતના ઉત્તરાખંડમાં 18,192 ફૂટની ઊંચાઈએ માણા ગામની ઉપરથી આ રોડ બનાવવામાં આવ્યો છે. આ એકમાત્ર એવો રોડ છે કે જેનું નિર્માણ કાર્ય ઉપરથી નીચે તરફ થયું હતું.

## વિશ્વ

### ➤ અમેરિકાની સ્ટેનફોર્ડ યુનિવર્સિટી દ્વારા વિશ્વનો સૌથી મોટો 3200 મેગાપિક્સેલનો ફોટોગ્રાફ લેવામાં આવ્યો

અમેરિકાની સ્ટેનફોર્ડ યુનિવર્સિટીની SLAC લેબોરેટરી દ્વારા 3200 મેગાપિક્સેલનો એક વિશાળ ફોટોગ્રાફ લેવામાં આવ્યો છે. જે સિંગલ શોટમાં લેવાયેલો વિશ્વનો અત્યાર સુધીનો સૌથી મોટો ડિજિટલ ફોટો છે. આ કેમેરાનો ઉપયોગ આગામી દિવસોમાં ચીલીમાં આવેલી વેરા રૂબીન ઓબ્ઝર્વેટરીમાં અવકાશી સંશોધન માટે થશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE ? Questions

- ➢ સપ્ટેમ્બર 2020 દરમિયાન ભારતે કયા દેશ સાથે મહત્ત્વના સંરક્ષણ કરાર પર હસ્તાક્ષર કર્યા છે ? – જાપાન
- ➢ ભારતના કયા રાજ્યમાં વિશ્વનો સૌથી ઊંચો મોટરેબલ રોડ તૈયાર થઈ ગયો છે ? – ઉત્તરાખંડ
- ➢ ભારતના ઉત્તરાખંડમાં કયા ગામ પાસે વિશ્વનો સૌથી ઊંચો મોટરેબલ રોડ તૈયાર થઈ ગયો છે ? – માણા
- ➢ કયા દેશની એક યુનિવર્સિટી દ્વારા વિશ્વનો સૌથી મોટો 3200 મેગાપિક્સેલનો ફોટોગ્રાફ લેવામાં આવ્યો છે ? – અમેરિકા
- ➢ અમેરિકાની સ્ટેનફોર્ડ યુનિવર્સિટી દ્વારા કેટલા મેગાપિક્સેલનો વિશ્વનો સૌથી મોટો ફોટોગ્રાફ લેવામાં આવ્યો છે ? – 3200

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS



# QUICK CURRENT
## QUESTIONS OF THIS WEEK

1. કોરોના મહામારી દરમિયાન ગુજરાતના વકીલોને પણ આત્મનિર્ભર યોજના અંતર્ગત કેટલા રૂપિયાની લોન આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ? – રૂ. 2.5 લાખ

2. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન નિમિત્તે ભારતીય જનતા પાર્ટી દ્વારા 14થી 20 સપ્ટેમ્બર 2020 દરમિયાન કયા સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી ? – સેવા સપ્તાહ

3. ભારતના નવા સંસદ ભવનના નિર્માણનો કોન્ટ્રાક્ટ કઈ કંપનીને આપવામાં આવ્યો છે ? – **Tata Projects Limited**

   (ભારતમાં અંદાજે રૂ. 889 કરોડના ખર્ચે બે વર્ષમાં આ નવા સંસદ ભવનનું નિર્માણ કરવામાં આવશે.)

4. ગુજરાત સરકાર દ્વારા ગુજરાતમાં દરેક પાંજરાપોળના પશુઓ માટે પશુ દીઠ રોજની કેટલા રૂપિયાની સહાય 31 ડિસેમ્બર 2020 સુધી ચાલુ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ? – રૂ. 25

5. IPLમાં મેચ ફિક્સીંગ કે સટ્ટો ન રમાય તે માટે BCCI દ્વારા કયા દેશની 'સ્પોર્ટ્સ રડાર' નામની કંપની સાથે કરાર કરવામાં આવ્યા છે ? – ઈંગ્લેન્ડ

6. ઈજિપ્ત, જોર્ડન અને UAE બાદ ઈઝરાયેલ સાથે તાજેતરમાં કયા દેશે રાજદ્વારી સંબંધો સ્થાપિત કર્યા છે ? – બહેરીન

   (આ માટે બહેરીન અને ઈઝરાયેલ વચ્ચે શાંતિ કરાર કરવામાં આવ્યા છે. જેમાં અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પની મહત્ત્વની ભૂમિકા હતી.)

7. ભારતમાં વિકસિત થઈ રહેલી કઈ કંપનીની કોરોના વેકસીનનું વાંદરા અથવા તો પશુ પરનું પરીક્ષણ સફળ રહયું છે ? – ભારત બાયોટેક

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

8. અમેરિકાએ ભારતના કયા પાડોશી દેશ સાથે મહત્ત્વના સંરક્ષણ કરાર કર્યા છે ? – માલદીવ
(હિંદ મહાસાગરમાં શાંતિ અને સલામતિની જાળવણી માટે તેમજ આ ક્ષેત્રમાં ચીનની વગ ઘટાડવા માટે આ કરાર ખૂબ જ અગત્યના છે.

9. ગુજરાત રાજ્યના રાજ્યકક્ષાના ગૃહમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાને સપ્ટેમ્બર 2020 દરમિયાન કઈ કેટેગરીની સુરક્ષા આપવામાં આવી છે ? – Z કેટેગરીની
(ગુજરાત રાજ્યના ગૃહ મંત્રાલયનો કેબિનેટ કક્ષાનો હવાલો મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી પાસે છે.)

10. ભારતની IPLમાં સમાવેશ પામનાર પ્રથમ અમેરિકન ખેલાડી કોણ છે ? – શ્રી અલી ખાન
(શ્રી અલી ખાનનો કોલકાતા નાઈટ રાઈડર્સની ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે.)

11. સપ્ટેમ્બર 2020 દરમિયાન કયા દેશમાં ચેમ્પિયન રેસલર નાવિદ અફકારીને મર્ડરના આરોપમાં ફાંસી આપવામાં આવી છે ? – ઈરાન
(27 વર્ષીય નાવિદને ફાંસીની સજા ન આપવા વિશ્વના 85,000 રમતવીરોએ ઈરાન સરકારને વિનંતી કરી હતી. આ ઉપરાંત આ માટે અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પે પણ ટ્વિટ કરીને ફાંસી ન આપવા અપીલ કરી હતી.)

12. ‘રાઈટ્સ ફોર એવરી ચિલ્ડ્રન’ અભિયાન હેઠળ બાળકો પર થતાં અત્યાચાર સામે જાગૃતિ ફેલાવવા માટે યુનિસેફ ઈન્ડિયા દ્વારા ભારતના કયા અભિનેતાની સેલિબ્રિટી એડવોકેટ તરીકે નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી આયુષમાન ખુરાના

13. ભારતમાં મનરેગા મેન તરીકે પ્રસિદ્ધ પૂર્વ મંત્રી શ્રી રઘુવંશ પ્રસાદનું નવી દિલ્હી ખાતે 74 વર્ષની વયે નિધન થયું છે....તેમનો જન્મ કયાં થયો હતો ? – બિહાર
(બિહારના વૈશાલી જિલ્લામાં જન્મેલા શ્રી રઘુવંશ પ્રસાદ જ્યારે શ્રી મનમોહન સિંહની સરકારમાં ગ્રામીણ વિકાસ મંત્રી હતા ત્યારે ભારતમાં મનરેગા યોજના લાગુ થઈ હતી. તેઓ ‘રાષ્ટ્રીય જનતા દળ’ના નેતા હતા.)

14. ભારત ચીન વચ્ચેની કઈ પર્વત માળાના મોટા વિસ્તાર ઉપર 1962ના યુદ્ધ બાદ તાજેતરમાં ભારતે પ્રથમ વખત કબજો જમાવી લીધો છે ? – કૈલાસ પર્વત શ્રેણી પર

15. ભારતીય જવાનો માટે ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર દ્વારા એક ખાસ પ્રકારનું બુલેટ પ્રૂફ જેકેટ તૈયાર કરવામાં આવ્યું છે...આ બુલેટ પ્રૂફ જેકેટને શું નામ આપવામાં આવ્યું છે ?

INSTITUTE FOR COMPETITIVE EXAMS

– ભાભા કવચ

(આ જેકેટની મુખ્ય વિશેષતા એ છે કે તે AK-47માંથી નીકળતી ગોળીને પણ રોકી શકે છે.)

16. ભારતના કયા રાજ્યની સરકારે રાજ્યના 8,000 જેટલા સનાતન બ્રાહ્મણ પૂજારીઓને દર મહિને રૂ. 1000 ભથ્થું અને રહેવા માટે મફત ઘર આપવાની જાહેરાત કરી છે ?

– પશ્ચિમ બંગાળ

17. કોરોના મહામારીને કારણે ભારતના સાંસદોના પગારમાં કેટલા ટકાનો ઘટાડો કરતું બિલ ભારતની સંસદમાં રજૂ થયું હતું ? – 30 ટકા

(આ અંતર્ગત ભારતમાં સંસદ સભ્યોના પગારમાં 1 વર્ષ માટે 30 ટકાનો ઘટાડો કરવામાં આવશે.)

18. શ્રી સદાશિવ પાટિલનું નિધન થયું છે....તેઓ કઈ રમત સાથે સંકળાયેલા હતા ? – ક્રિકેટ

(મહારાષ્ટ્રના પ્રસિદ્ધ ક્રિકેટર શ્રી સદાશિવ પાટિલ ભારત તરફથી 1 ટેસ્ટ મેચ રમ્યા હતા.)

19. વિશ્વના કયા દેશમાં માસ્ક ન પહેરનારાને કોરોનાથી મૃત્યુ પામેલા લોકો માટે કબર ખોદવાની સજા ફટકારવામાં આવી હતી ? – ઈન્ડોનેશિયા

(અહીં કબર ખોદનારા લોકોની સંખ્યા ઓછી હોવાથી આ સજા કરવામાં આવી હતી.)

20. ભારતની કઈ ફાર્મા કંપનીએ રશિયા પાસેથી કોરોનાની રસીના 10 કરોડ ડોઝ ખરીદવા માટે કરાર કર્યા છે ? – ડૉ. રેડ્ડીઝ લેબોરેટરીઝ

21. વિશ્વ પ્રસિદ્ધ મેગેઝિન ફોર્બ્સની 'સૌથી વધુ કમાણી કરતા ફૂટબોલ ખેલાડીઓની વર્ષ 2020'ની યાદીમાં કયા ફૂટબોલર પ્રથમ ક્રમે છે ? – શ્રી લિયોનેલ મેસ્સી

(આર્જેન્ટિનામાં જન્મેલા શ્રી લિયોનેલ મેસ્સી આર્જેન્ટિનાની નેશનલ ટીમ તથા સ્પેનની ફૂટબોલ કલબ બાર્સેલોનાના કેપ્ટન છે.)

22. ભારતમાં લાયન્સ કલબના સ્થાપક કયા અગ્રણીનું અમદાવાદ ખાતે 90 વર્ષની વયે નિધન થયું છે ? – શ્રી રોહિતભાઈ મહેતા

23. કોરોના મહામારી દરમિયાન ભારતમાં લાખો લોકો સુધી ભોજન પહોંચાડવા બદલ કયા ભારતીયને પ્રતિષ્ઠિત 'એશિયા ગેમ ચેન્જર એવોર્ડ 2020'થી સન્માનિત કરવામાં આવશે ?

– શ્રી વિકાસ ખન્ના

(શેફ વિકાસ ખન્નાએ અમેરિકાના મેનહટ્ટન સ્થિત પોતાના નિવાસસ્થાનેથી એપ્રિલ 2020માં

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

'ફીડ ઈન્ડિયા' પહેલની શરૂઆત કરી હતી.)

**24.** ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન નિમિત્તે કેન્દ્રીય પર્યાવરણ મંત્રી શ્રી પ્રકાશ જાવડેકરે ભારતમાં કઈ વેબસાઈટ લોન્ચ કરી હતી ? **– narendra70.in**

(આ વેબસાઈટમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જીવન પર પ્રકાશ પાડતાં વિવિધ લેખોનું કલેકશન રજૂ કરવામાં આવ્યું છે.)

**25.** 'લોર્ડ ઓફ રેકોર્ડ્સ' કોના વિશેનું પ્રસિદ્ધ પુસ્તક છે ? **– શ્રી નરેન્દ્રભાઈ મોદી**

(ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન નિમિત્તે ભાજપ અધ્યક્ષ શ્રી જેપી નડ્ડાએ આ પુસ્તકનું વિમોચન કર્યું હતું. આ પુસ્તકમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વડાપ્રધાન તરીકેના પ્રથમ કાર્યકાળની 243 અસાધારણ સિદ્ધિઓ અથવા તો રેકોર્ડનું વર્ણન છે.)

**26.** 'લોર્ડ ઓફ રેકોર્ડ્સ'ના લેખકનું નામ શું છે ? **– ડૉ. હરીશ ચંદ્ર બર્ણવાલ**

(આ પુસ્તક હિન્દી ભાષામાં લખાયેલું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



## સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા

Social Media Icon પર Click કરો.

**JOIN OUR TELEGRAM**

t.me/icerajkotofficial

**YouTube**

ICE RAJKOT

**Instagram**

ICE RAJKOT

**Facebook**

*like* | *comment* | *share*

ICE RAJKOT

**twitter**

ICE RAJKOT